સુવિચાર

જેવી રીતે સ્વચ્છ દર્પણમાં મુખ ચોખ્ખું દેખાય છે
એવી જ રીતે શુધ્ધ મનમાં જ્ઞાન પ્રગટ થાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




નાણાવટી ચોક પાસે આવાસ ક્વાર્ટરમાં માસુમ બાળક ટાંકામાં પડી જતાં મોત
P-4

Year-16, Issue-123 ■ DATE : 02-09-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આધારએ દેશની નાગરિકતાનો એકમાત્ર પુરાવો ન હોય શકેઃ સુપ્રીમ

### રાજકીય પક્ષોને મોટો ફટકોઃ બિહાર મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે નાગરિકતાના પુરાવા તરીકે આધાર કાર્ડ સ્વીકારવાની રાજકીય પક્ષોની માંગને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પછી તૈયાર કરાયેલ બિહાર મતદાર યાદીમાં લોકો તેમના નામ નોંધાવી શકે તે માટે આધાર કાર્ડને નાગરિકતાના પુરાવા તરીકે સ્વીકારવા માટે ચૂંટણી પંચને નિર્દેશ આપવાની રાજકીય પક્ષોની માંગને સુપ્રીમ કોર્ટે સોમવારે ફગાવી દીધી. સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે કાયદામાં નિર્ધારિત મર્યાદાથી વધુ આધાર કાર્ડનો દરજ્જો લંબાવી શકાતો નથી.

ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે અગાઉ કહ્યું હતું કે આધાર મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે ચૂંટણી પંચ દ્વારા નિર્દિષ્ટ અન્ય દસ્તાવેજોની સાથે ઓળખ દસ્તાવેજ પણ હોઈ શકે છે. તે જ સમયે, સોમવારે, તેમાં કહેવામાં આવ્યું હતું કે, આધાર ચકાસણી માટેના દસ્તાવેજોમાંથી એક હશે.

જ્યારે આરજેડીના વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું કે કોર્ટના આદેશ છતાં ચૂંટણી પંચ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી દૂર કરાયેલા ૬૫ લાખ નામો માટે આધારને એકમાત્ર ઓળખના પુરાવા તરીકે સ્વીકારી રહ્યું નથી, ત્યારે બેન્ચે કહ્યું કે અમે આધાર કાયદા દ્વારા નિર્ધારિત મર્યાદાથી વધુ આધારનો દરજ્જો વધારી શકતા નથી. પુટ્ટાસ્વામીના ચુકાદામાં આધારને સમર્થન આપતી વખતે પાંચ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા કહેવામાં આવેલા શબ્દોથી આગળ વધી શકતા નથી.

આધાર કાયદાની કલમ ૯ કહે છે. આધાર નંબર અથવા તેનું પ્રમાણીકરણ, પોતે, આધાર નંબર ધારકના સંબંધમાં નાગરિકતા અથવા રહેઠાણના કોઈપણ અધિકારનો પુરાવો આપતું નથી અથવા તેનો પુરાવો આપતું નથી. સપ્ટેમ્બર ૨૦૧૮ના પુટ્ટાસ્વામી કેસના ચુકાદામાં, સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બેન્ચે કહ્યું હતું કે આધાર નંબર પોતે નાગરિકતા અથવા રહેઠાણનો કોઈ અધિકાર આપતો નથી.

જ્યારે રાજકીય પક્ષો સહિત અન્ય અરજદારોના વકીલો મતદાર તરીકે નોંધણી માટે બાયોમેટ્રિક ઓળખના પુરાવાથી નાગરિકતાના પુરાવામાં આધારને ઉન્નત કરવાની માંગમાં જોડાયા, ત્યારે બેન્ચે પૂછ્યું, આધાર પર આટલો ભાર કેમ? અમે એવો આદેશ નહીં આપીએ કે આધાર નાગરિકતાનો અંતિમ પુરાવો છે. ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ કહ્યું કે આધાર માટે વારંવાર અરજી કરવામાં આવી રહી છે કારણ કે બિહારમાં કેટલાક જિલ્લાઓ એવા છે જ્યાં આધાર સંતૃપ્તિ ૧૪૦% છે. આનો અર્થ એ છે કે ત્યાં નકલી ઓળખ કાર્ડનું મોટા પાયે પ્રસાર થઈ રહ્યું છે. કેન્દ્રએ વારંવાર પ્રકાશ પાડ્યો છે કે કેવી રીતે ગેરકાયદેસર બાંગ્લાદેશી સ્થળાંતરકારો અને રોહિંગ્યાઓ કેટલાક રાજ્યોમાં છેતરપિંડીથી આધાર કાર્ડ મેળવવામાં સફળ રહ્યા છે. બેન્ચે રાજકીય પક્ષોને તેમના ગ્રાસરુટ કાર્યકરો અને બૂથ લેવલ એજન્ટોને સક્રિય કરવા કહ્યું કે જેથી એવા લોકોની ઓળખ કરી શકાય જેમના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી ખોટી રીતે કાઢી નાખવામાં આવ્યા છે અને આવા લોકોને ચૂંટણી પંચના બૂથ લેવલ અધિકારીઓ સમક્ષ દાવા દાખલ કરવામાં મદદ મળે જેથી તેમના નામ અંતિમ મતદાર યાદીમાં સામેલ કરી શકાય.

# પાકિસ્તાન સાથે વ્યવસાયીક હિત માટે ટ્રમ્પે ભારત સાથેના દાયકાઓ જુના સંબંધોને દાવ પર લગાવ્યા

### અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય સલાહકાર જેક સુલિવનનો સનસનીખેજ ધડાકો



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર સનસનાટીભર્યા આરોપ લગાવ્યા છે. સુલિવને કહ્યું છે કે ટ્રમ્પે પાકિસ્તાન સાથેના તેમના પરિવારના વ્યવસાયિક હિત માટે ભારત જેવા મોટા લોકશાહી સાથેના દાયકાઓ જૂના સંબંધોને દાવ પર લગાવ્યા.એક યુટયુબ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં, સુલિવને ટ્રમ્પની વિદેશ નીતિ પર પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે આ પગલું અમેરિકા માટે મોટું વ્યૂહાત્મક નુકસાન' છે, ખાસ કરીને જ્યારે ચીન જેવા જોખમોનો સામનો કરવા માટે ભારત સાથે મજબૂત સંબંધો મહત્વપૂર્ણ છે.

ભારત વિરુદ્ધ ટ્રમ્પની ટેરિફ નીતિ અમેરિકાના વ્યાપારી હિતો સાથે સંબંધિત નથી, પરંતુ તેની પાછળ ટ્રમ્પનો ઊંડો વ્યક્તિગત હિત છે. અમેરિકન વહીવટના અનુભવી રાજદ્વારીઓ હવે ટ્રમ્પના ઈરાદાઓ પર સ્પષ્ટપણે બોલવા લાગ્યા છે. ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવાને એક મુલાકાતમાં કહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાનમાં તેમના પરિવારના વ્યાપારી સોદાઓને પ્રોત્સાહન આપવા માટે ભારત સાથેના સંબંધોનું બલિદાન આપ્યું.

ભૂતપૂર્વ યુએસ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને વકીલ સુલિવાને એક યુટયુબ ચેનલ પર ઈન્ટરવ્યૂ આપી રહ્યા હતા. આ દરમિયાન, સુલિવાને કહ્યું, દશકોથી, દ્વિપક્ષીય સહયોગના આધારે, અમેરિકાએ વિશ્વના સૌથી મોટા લોકશાહી, ભારત સાથે તેના સંબંધોને મજબૂત બનાવવા માટે કામ કર્યું છે, એક એવો દેશ જેની સાથે આપણે ટેકનોલોજી, પ્રતિભા, અર્થશાષા અને ચીનના વ્યૂહાત્મક વલણનો સામનો કરવા માટે એક થવું જોઈએ. આ મોરચે નોંધપાત્ર પ્રગતિ થઈ છે. કૌટુંબિક લોભથી ભારત-અમેરિકા સંબંધોનો નાશ થયો છે.

તેમણે વધુમાં કહ્યું, હવે ટ્રમ્પે ભારત સાથેના સંબંધોને મુખ્યત્વે પાકિસ્તાનની ટ્રમ્પ પરિવાર સાથે વ્યાપારી સોદા કરવાની ઈચ્છાને કારણે બાજુ પર મૂકી દીધા છે. આ એક મોટો વ્યૂહાત્મક આંચકો છે કારણ કે મજબૂત ભારત-અમેરિકા ભાગીદારી આપણા હિતોનું રક્ષણ કરે છે.

# દેશમાં દરરોજ માર્ગ અકસ્માતથી ૪૭૪ લોકો જીવ ગુમાવે છે

### ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટમાં બહાર આવી વિગતો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં દરરોજ ૪૭૪ લોકો માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવે છે. ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'રોડ અકસ્માત ૨૦૨૩' રિપોર્ટમાં આ આંકડા બહાર આવ્યા છે. રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૩માં માર્ગ અકસ્માતમાં ૧.૭૨ લાખ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જે વર્ષ ૨૦૨૨માં થયેલા ૧.૬૮ મૃત્યુ કરતા ૨.૬ ટકા વધુ છે.

મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, માર્ગ અકસ્માતોનું સૌથી મોટું કારણ ઝડપી વાહન ચલાવવું છે. વર્ષ ૨૦૨૩ માં કુલ મૃત્યુમાંથી ૬૮% થી વધુ મૃત્યુ ઝડપી વાહન ચલાવવાને કારણે થયા હતા. જોકે, આ સંખ્યા ૨૦૨૦ પછી સૌથી ઓછી છે, જ્યાં કુલ મૃત્યુમાંથી ૬૯.૩% થી વધુ મૃત્યુ વધુ ઝડપને કારણે થયા હતા.

તે જ સમયે, કુલ અકસ્માતોમાંથી ૬૮.૪% અને ૬૯.૨% ઈજાઓ વધુ ઝડપને કારણે થઈ હતી. જોકે, ૨૦૨૨ની સરખામણીમાં આમાં થોડો ઘટાડો થયો છે. કુલ અકસ્માતોમાં અકસ્માતોમાં ૧.૪% ઘટાડો થયો છે, મૃત્યુમાં ૧.૯% ઘટાડો થયો છે અને ઘાયલોની સંખ્યામાં ૦.૭% ઘટાડો થયો છે.

મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ૨૦૨૩ માં થયેલા ૧,૭૨,૮૯૦ માર્ગ અકસ્માતોમાં ૪૦% થી વધુ મૃત્યુ હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ ન કરવા અને દારૂ પીને વાહન ચલાવવાને કારણે થયા હતા. અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૩ માં મૃત્યુ પામેલા ૫૪,૫૬૮ ટુ-વ્હીલર સવારોએ હેલ્મેટ પહેર્યું ન હતું, જેમાં ૩૯,૧૬૦ ડ્રાઈવરો અને ૧૫,૪૦૮ મુસાફરોનો સમાવેશ થાય છે.

આ ૨૦૨૩ માં કુલ માર્ગ અકસ્માત મૃત્યુના ૩૧.૬% હતું. તેવી જ રીતે, સીટબેલ્ટનો ઉપયોગ ન કરતા વાહન સવારોમાં ૧૬,૦૨૫ મૃત્યુ નોંધાયા હતા, જેમાં ૮,૪૪૧ ડ્રાઈવરો અને ૭,૫૮૪ મુસાફરોનો સમાવેશ થાય છે, જે વર્ષ દરમિયાન નોંધાયેલા કુલ મૃત્યુના ૯.૩% હતા.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૨૩માં દારૂ પીને વાહન ચલાવવાને કારણે ૩,૬૭૪ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૭,૨૫૩ ઘાયલ થયા હતા. માર્ગ અકસ્માતોમાં કુલ મૃત્યુમાંથી લગભગ ૨.૧% દારૂ પીને વાહન ચલાવવાને કારણે થયા હતા.

# અંબાજીની ગિરિમાળા 'બોલ માડી અંબે'ના નાદથી ગૂંજી ઉઠીઃ ગઈકાલથી સાત દિવસીય મહામેળાનો પ્રારંભ



**મુખ્ય સમાચાર, અંબાજી**

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે સોમવારથી સાત દિવસીય ભાદરવી પૂનમના પરંપરાગત મહામેળાનો રંગેચંગે પ્રારંભ કરાયો છે. કલેક્ટર તેમજ આરાસુરી અંબાજી દેવ સ્થાન ટ્રસ્ટના ચેરમેન દ્વારા માતાજીના રથની શાસ્ત્રોક રીતે પૂજા-અર્ચના કરીને હજારો માઈભક્તોની હાજરીમાં રથ ખેંચીને મહામેળાની શરૂઆત કરાઈ હતી. શક્તિપીઠ અંબાજીમાં મંગળવાર (૨ સપ્ટેમ્બર)થી શક્તિ, ભક્તિ અને આસ્થાનો મહાસાગર જોવા મળશે. પહેલા દિવસે જ મા અંબાના દર્શન કરવા માટે અંબાજી તરફના માર્ગો પર પગપાળા સંઘ અને પદયાત્રીઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. આખુંય અંબાજી બોલ માડી અંબે... જય-જય અંબે...ના નાદથી ગુંજી ઉઠ્યું છે. જ્યારે ઉત્તર ગુજરાતના મોટાભાગના રસ્તાઓ પર પદયાત્રીઓ માટે સેવા કેમ્પો લગાવી પગપાળા સંઘ અને યાત્રીકો માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેંકટેશ માર્બલ નજીક માતાજીના રથની શાસ્ત્રોક રીતે અને ભક્તિ ભાવથી પૂજા-અર્ચના કરીને કલેક્ટર સહિત મહાનુભાવોએ રથને ખેંચીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાના પ્રથમ દિવસથી જ બોલ મારી અંબે... જય જય અંબે...ના નાદ સાથે ગિરિમાળાઓ ગૂંજી ઉઠી હતી. કલેક્ટરે લાખો માઈભક્તોને મેળામાં આવકારતા મા અંબા માઈભક્તોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખરૂપ નિર્વિઘ્ન પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી.

મેળાના પહેલા દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠયા છે. બાળ સહાયતા કેન્દ્ર, મુખ્ય કંટ્રોલ રૂમ વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. મેળાના પ્રારંભે યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક, અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર સહિત અંબાજી મેળાના આયોજન માટે બનાવવામાં આવેલા વિવિધ સમિતિઓના સુપરવાઈઝર અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્ર દ્વારા સાત દિવસીય ઉત્સવમાં મા અંબાના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓની સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન કરાયુ છે. મેળાના સાત દિવસ સુધી યાત્રાધામને સાંકળતા પાટણ, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના રસ્તાઓ બોલ માડી અંબે... જય જય અંબે...ના નાદથી ગૂંજી ઉઠશે. રસ્તામાં માઈભક્તોને કષ્ટ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર સેવા કેમ્પો પણ શરૂ કરી દેવાયા છે. માં અંબાને નવલા નોરતાનું નિમંત્રણ પાઠવવા માટેના આ મેળામાં દૂર-દૂરના અંતરેથી લાખો શ્રદ્ધાળુઓ કષ્ટ વેઠીને પણ માતા અંબાના ધામ પહોંચશે, ત્યારે ભક્તોની સેવા, સુવિધા અને સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

મેળા દરમિયાન કામાક્ષી મંદિર સામે હડાદ રોડ, રાવણ ટેકરી દાતા અને મુખ્ય કંટ્રોલ પોઈન્ટ અંબાજી ખાતેથી બાળકોના ગળામાં એક આઈકાર્ડ પહેરાવવામાં આવે છે, જેની અંદર બાળકોનું નામ, સરનામું, વાલીનું નામ, મોબાઈલ નંબર વગેરે વિગતો લખવામાં આવે છે. બાળક ક્યાંય પણ ખોવાય તો તેના કાર્ડના આધારે એ બાળકના પરિવાર સુધી પહોંચવામાં મદદ મળી રહે છે. જ્યાં સુધી બાળકના વાલી કે વારસો મળી ન આવે ત્યાં સુધી તેને બાળ સહાય-તા કેન્દ્ર પર સુરક્ષિત રીતે સાચવીને તેઓના સબંધીઓ સાથે મિલન કરાવવાની કામગીરી કરાય છે.

મેળામાં એક ફીડિંગ રૂમ/ ઘોડિયા ઘર, રમકડા ઘરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં માતાઓ તેમના બાળકોને ફીડિંગ કરાવી શકે છે. આ સિવાય બાળકો માટે પારણા, રમકડા અને સૂકા નાસ્તાની પણ વ્યવસ્થા કરાઈ છે. આ કેન્દ્ર ખાતે આંગણવાડીની બહેનો અને બાળ સુરક્ષાની ટીમ દ્વારા બાળકોને કાળજી અને સુરક્ષા પૂરી પાડવામાં આવી રહી છે.

# નકલી ટોલપ્લાઝા અને કોર્ટ બાદ હવે સુરતમાંથી નકલી વિઝા બનાવતી ફેક્ટરીનો થયો પર્દાફાશ

**મુખ્ય સમાચાર, સુરત**

ગુજરાતમાં અનેક વસ્તુઓ નકલી હોવાનું સામે આવી ચુક્યું છે. જેમાં ખાદ્ય વસ્તુઓથી લઈને પોલીસ, કોર્ટ અને ટોલ પ્લાઝા સુધીની વસ્તુઓ નકલી હોવાનો ખુલાસો થયો હતો. હવે આ યાદીમાં અન્ય એક સમાવેશ થઈ ચુક્યો છે. હકીકમતાં સુરતમાંથી હવે નકલી વિઝા બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ થયો છે.

મળતી માહિતી મુજબ, સુરત અને ની સંયુક્ત કાર્યવાહીમાં અડાજણ વિસ્તારમાંથી પ્રતિક શાહ નામનો વ્યક્તિ નકલી વિઝા બનાવતી ફેક્ટરી ચલાવતો હતો. આ ફેક્ટરીમાં યુકે, કેનેડા, મેસેડોનિયા, સર્બિયા, ચેકોસ્લોવાકિયા અને યુરોપ જેવા દેશોના નકલી વિઝા સ્ટીકરો મળી આવ્યા હતા. જેના પરથી સામે આવ્યું કે, અહીં આ તમામ દેશોના નકલી વિઝા બનાવવામાં આવતા હતા. પોલીસે આ મામલે પ્રતિક શાહની ધરપકડ કરી છે અને તેની પાસેથી પણ ૫ વિઝા સ્ટીકર મળ્યા હતા, તે જપ્ત કર્યા છે.

સમગ્ર તપાસમાં સામે આવ્યું કે, પ્રતિક શાહ આ નકલી વિઝા સ્ટીકરો દ્વારા દિલ્હી, ચંડીગઢ, પંજાબ અને હરિયાણામાં એજન્ટોને વેચતો હતો.

# પીએમ મોદીની સંભવીત મણિપુર મુલાકાત સંદર્ભે તંત્રમાં દોડધામ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ સપ્ટેમ્બરના રોજ મિઝોરમ અને મણિપુરની મુલાકાત લેશે તેવા અહેવાલો મળ્યા છે. મણિપુરમાં કુકી અને મૈતી વચ્ચે ચાલી રહેલી હિંસા વચ્ચે પીએમ મોદીની આ મુલાકાત અત્યંત મહત્ત્વની છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પીએમ મોદી પહેલાં મિઝોરમની મુલાકાત લેશે. જ્યાં બૈરાબી-સાંઈરંગ રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે. પીએમ મોદી મિઝોરમમાં ૫૧.૩૮ કિમી લાંબી રેલવે લાઈનનું ઉદ્ઘાટન કરશે. જે નોર્થ-ઈસ્ટ પ્રાંતમાં કનેક્ટિવિટી અને ઈકોનોમિક ઈન્ટેગ્રેશનને વેગ આપશે. નવી રેલવે લાઈન આઈઝોલ સાથે જોડાઈ આસામના સિલચર શહેરથી દેશના અન્ય હિસ્સા સાથે જોડાશે. મણિપુરની રાજધાની આઈઝોલ ખાતે સરકારી અધિકારીઓએ આ અંગે જાણકારી આપી હતી. મણિપુરમાં મે, ૨૦૨૩માં કુકી અને મૈતી વચ્ચે ફાટી નીકળેલી હિંસા બાદ પીએમ મોદીની આ પ્રથમ મુલાકાત હશે.

# ગરબા મહોત્સવમાં આયોજન સ્થળે એચડી સીસીટીવી કેમેરા તેમજ એક વોચ ટાવર ફરજીયાત



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

તા.૨૨ સપ્ટેમ્બરથી જે નવરાત્રી મહોત્સવ તા.૧ ઓકટોબર સુધી ચાલનાર છે તો ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ તથા પરંપરા-ધાર્મિક મહત્વ સાથે યોજાતા નવરાત્રી મહોત્સવમાં રાજયભરમાં શાંતિ-સલામતી અને કૌમી એખલાસ જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પોલીસે તૈયારી શરૂ કરી દીધી છે તથા આયોજકો ઉપરાંત ખેલૈયાઓ માટે પણ ખાસ એડવાઈઝરી તૈયાર કરી છે.

જેનો અમલ કરવો ફરજીયાત રહેશે અને અમલ થાય તે પણ પોલીસ નિશ્ચિત કરશે. ખાસ કરીને ગરબા મહોત્સવમાં જે અર્વાચીન દાંડીયા રાસ છે તેમાં જબરી ભીડ સર્જાય છે. નવ દિવસ પુર્વેજ પ્રી-નવરાત્રી અને પછી છેક શરદપૂનમ સુધી આ પ્રકારના આયોજનો થતા રહે છે. ગુજરાત પોલીસે એ સુનિશ્ચિત કર્યુ છે કે આ પ્રકારના આયોજનોમાં કોઈ મોરલ-પોલીસીંગ એટલે કે કોઈ સંગઠનો કે જૂથને નૈતિકતા મુદે કાયદો-વ્યવસ્થા હાથમાં લેવાની છુટ અપાશે નહી. આ પ્રકારના આયોજનોમાં જે રીતે વિધર્મી અંગે હાકલા પડકારા થઈ રહ્યા છે. તે સ્વીકાર્ય બનશે નહી. સમગ્ર તહેવારો શાંતિ-સલામતી અને કૌમી-સામાજીક એખલાસથી સંપન્ન થાય તે પોલીસ જોશે અને આયોજકોએ તેમાં સાથ આપવાનો રહેશે.

પોલીસે જે માર્ગરેખા નિશ્ચિત કરી છે તેમાં ડ્રેસ-કોડ કોઈ મુદો નથી પણ ખેલૈયાઓ-પ્રેક્ષકો જેઓ આ પ્રકારના આયોજનમાં જોડાયા હોય તેઓને પારદર્શક કે ઉતેજક વો નહી પહેરવા અને ધાર્મિક-તહેવારોની મર્યાદા જળવાઈ રહે તે જોવા ખાસ સલાહ આપી છે. આ ઉપરાંત ગરબા મહોત્સવમાં કોઈ રાજકીય કે તેવી ઉશ્કેરાટ જેવી પ્રવૃતિ સ્વીકાર્ય બનશે નહી. ખાસ કરીને સામાજીક એખલાસ ને હાની કરે લોકોની લાગણી દુભાવે તેવી પ્રવૃતિ સ્વીકાર્ય બનશે નહી. કોઈ ઉશ્કેરણીજનક ભાષણો પણ થઈ શકશે નહી કે તેવા પોષ્ટર-બેનર પણ લગાવી શકાશે નહી. આ ઉપરાંત આયોજકોએ સ્થળ પર પુરુષ-ીઓ માટે મેટલ ડિરેકટર સાથેના અલગ એન્ટ્રી પોઈન્ટ ફરજીયાત છે. દરેક એન્ટ્રી પોઈન્ટ પર સિકયોરિટી ગાર્ડ ફરજીયાત છે. આ ઉપરાંત આયોજનોના સ્થળે એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પ્રવેશ તથા બહાર નિકળવાના દ્વાર અલગ અલગ રાખવાના રહેશે અને તે લોકો સરળ-તાથી બહાર જઈ શકે તે રીતે હોવા જરૂરી છે.

# ભૂકંપગ્રસ્ત અફઘાનિસ્તાનની સંકટની ઘડીમાં ભારતે તાત્કાલીક માનવતાવાદી સહાય મોકલી

### ૧૦૦૦ ફેમિલી ટેન્ટ, ૧૫ ટન ખાદ્ય સામગ્રી મોકલાઈ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતના પાડોશી દેશ અફઘાનિસ્તાનમાં રવિવાર મોડી રાત્રે એક પછી એક ભૂકંપના શક્તિશાળી આંચકા અનુભવાતા ભારે તબાહી સર્જાઈ છે. આ ભૂકંપમાં અત્યાર સુધીમાં ૮૦૦થી વધુ લોકોના મોત થયા હોવાના અને ૧,૩૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.

ભૂકંપના કારણે એવી તબાહી મચી છે કે, અનેક ગામો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. આ સંકટની ઘડીમાં ભારતે અફઘાનિસ્તાનને તાત્કાલિક માનવતાવાદી સહાય મોકલી છે. ભારત દ્વારા ૧,૦૦૦ ફેમિલી ટેન્ટ અને ૧૫ ટન ખાદ્ય સામગ્રી મોકલવામાં આવી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં વધુ રાહત અને બચાવ સામગ્રી મોકલવામાં આવશે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતાં જણાવ્યું કે, 'આજે અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તકી સાથે વાત થઈ છે. ભૂકંપમાં થયેલી જાન-માલની હાનિ પર મારી સંવેદના વ્યક્ત કરી છે. મેં તેમને જાણ કરી કે ભારતે આજે કાબુલમાં ૧,૦૦૦ પરિવારો માટે તંબુ પહોંચાડ્યા છે.

ભારતીય મિશન દ્વારા કાબુલથી કુનાર સુધી ૧૫ ટન ખાદ્ય સામગ્રી પણ તરત જ પહોંચાડવામાં આવી રહી છે. આવતીકાલથી ભારત દ્વારા વધુ રાહત સામગ્રી મોકલવામાં આવશે. હું ઈજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કં છું. આ મુશ્કેલ સમયમાં ભારત અફઘાનિસ્તાનની સાથે છે.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સોમવારે અફઘાનિસ્તાનમાં ભૂકંપથી થયેલી જાનહાનિ પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે, ભારત અસરગ્રસ્ત લોકોને શક્ય તમામ માનવતાવાદી સહાય અને રાહત પૂરી પાડવા માટે તૈયાર છે. આ મુશ્કેલ ઘડીમાં અમારી સંવેદનાઓ અને પ્રાર્થનાઓ શોકગ્રસ્ત પરિવારો સાથે છે અને અમે ઈજાગ્રસ્તોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરીએ છીએ.

# ગુજરાતના દરિયાકાંઠાના અનેક ખેડૂતો શ્રીફળનું વાવેતર કરીને શ્રીમંત બન્યા

**રાજ્યમાં છેલ્લા એક દાયકામાં નાળિયેરીનો વાવેતર વિસ્તાર ૫,૭૪૬ હેક્ટર વધ્યો; લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૬ કરોડ યુનિટથી પણ વધુ**



ગુજરાતમાંથી ઉત્પાદનના ૪૦ ટકા નાળિયેરની દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ કૃષિ મંત્રી રાઘવજી પટેલ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને નાળિયેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે. નાળિયેરના ઉત્પાદન અને નિકાસમાં ગુજરાત મહત્તમ ફાળો આપી શકે તેમજ નાળિયેરના વાવેતરથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકે તેવા ઉમદા આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર નાળિયેરી વિકાસને પુષ્કળ પ્રોત્સાહન આપી રહી છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે નાળિયેર દિવસ સંદર્ભે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં નાળિયેરી વિકાસની સુવર્ણ કેડી કંડારી હતી. જેના ફળસ્વરૂપે ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૫,૭૪૬ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪-૧૫માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૨,૪૫૧ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૨૮,૧૯૭ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૬.૦૯ કરોડ યુનિટથી પણ વધુ છે.

### ગુજરાતમાં નાળિયેરી ઉત્પાદનની શક્યતાઓ પુષ્કળ

ગુજરાત દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી રાજ્યમાં નાળિયેરી ઉત્પાદનની શક્યતાઓ સૌથી વધુ છે. ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લામાં હાલ ૪૫.૬૧ લાખ હેક્ટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે, જેને ધ્યાને રાખીને દરિયાકાંઠાના જિલ્લામાં નાળીયેરીનો વાવેતર વિસ્તાર ૨૮,૦૦૦ હેક્ટરથી વધીને ૭૦,૦૦૦ થી ૮૦,૦૦૦ હેક્ટર સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે. હાલ ગુજરાતમાં નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થાય છે. દરિયાકાંઠાના અન્ય જિલ્લાઓમાં પણ નાળિયેરીનું ઉત્પાદન વધે તે માટે નાળિયેરીના ઉત્પાદનને પૂરતું પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.



### નાળિયેરના મૂલ્યવર્ધન થકી મબલખ આવક

ભારતીય સંસ્કૃતિમાં કલ્પવૃક્ષ સમાન નાળિયેરને શ્રીફળનો દરજ્જો પ્રાપ્ત થયેલો છે. નાળિયેર મનુષ્યના સ્વાસ્થ્ય વર્ધનમાં અનેક રીતે આશિર્વાદરૂપ હોવાથી તેનું મૂલ્યવર્ધન પણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના અનેક ખેડૂતો અને કૃષી એકમો નાળિયેરમાંથી તેલ, વર્જિન કોકોનટ ઓઈલ, નાળિયેરનું દૂધ, નાળિયેર પાણીનાં ટેટ્રાપેક/બૉટલ, કોકોનટ કુકી, કોકોનટ બરફી, વિનેગર, ફ્લેક્સ, ચિપ્સ, ઓઈલ કેક અને નીરા વગેરે બનાવી, તેનું વેચાણ કરીને મબલખ આવક મેળવી રહ્યા છે.

## ધ્રોલ નજીક વાકિયા ગામની સીમ વિસ્તારમાં ખેડૂતોની પાણીની મોટરની ચોરીનો ભેદ ઉકેલાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના વાંકીયા ગામ પાસે ઊંડ નદીના કાંઠેથી એકીસાથે આઠ ખેડૂતોની પાણીની ઈલેક્ટ્રીક મોટરની ચોરી થઇ ગયાની ફરિયાદ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવાઈ હતી, જે ફરિયાદના અનુસંધાને ધ્રોલ પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી હતી, અને સીસીટીવી કેમેરાઓ તથા અન્ય ટેકનીકલ સોર્સની મદદથી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે, અને તમામ મોટરોની ચોરી કરનાર તસ્કર ટોળકી ની અટકાયત કરી લીધી છે.

ધ્રોલ માં ખારવા રોડ પર રહેતા વિશાલ કેસુભાઈ રાઠોડ, કમલેશ ઉર્ફે રામ મગનભાઈ રાઠોડ, પ્રભુદાસ ઉર્ફે બાબુ નટુભાઈ રાઠોડ, અને અનિલ ઉર્ફે રાહુલ કેશુભાઈ રાઠોડની અટકાયત કરી લીધી છે. પોલીસે તેઓ પાસેથી આઠ નંગ ચોરાઉ પાણીની મોટર તથા એક ટ્રોલી સાથેનું ટ્રેક્ટર વગેરે મળી કુલ રૂપિયા ૪ લાખ ૨૮ હજારની માલમતા કબજે કરી કરી લેવામાં આવી છે.

## ધ્રોલમાં બકરા ચોરીમાં ૨ ઝડપાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ધ્રોલ તાલુકાના દેડકદડ ગામમાંથી બકરાની ચોરી કરી બારોબાર વેચાણ કરનાર નડીયાદના બે શખસોને પોલીસે ઝડપી લઈને કાર અને બકરા વેચાણના રોકડ રૂપિયા સહિત પાંચ લાખનો મુદામાલ કબજે કરવામાં આવ્યો છે. બે શખસોના નામ ખુલતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.દેડકદડ ગામમાંથી થોડા દિવસો પહેલા નાના-મોટા પાંચ બકરાઓની ચોરી થઈ હતી અને આરોપીઓ સીસી ટીવી કેમેરામાં આરોપીઓ કેદ થયા હોવાથી પોલીસે તપાસ હાથ ધરી છે અને આરોપીઓ ખેડા જિલ્લાના નડીયાદ ખાતે હોવાની બાતમીના આધારે ધ્રોલ પોલીસ નડીયાદ ખાતે પહોંચી હતી અને અર્ટીગા કારને આંતરીને ઉમેશ પરસોતમભાઇ તળપદા અને ભાવેશ ઉર્ફે ભાવલો મફતભાઇ તળપદાને ઝડપી લીધા હતા અને તેની આગવી ઢબે પુછપરછ કરી હતી. પોતાના અન્ય બે મિત્રો સાથે બકરાની ચોરીને અંજામ આપ્યાની કબુલાત કરતા ધ્રોલ ખાતે લવાયા હતા અને ધરપકડ કરી હતી. તેની પુછપરછ કરતા ચોરી કરેલ બકરા પશુ જીવના વેચાણ કર્યાની કબુલાત કરી હતી. જેથી પોલીસે બકરા વેચાણના રોકડ રૂ.૧ લાખ અને રૂ.૪ લાખની કાર મળીને કુલ રૂ.૫ લાખનો મુદામાલ કબજે કર્યો છે. સોનુ ઉર્ફે ગોદીયો તળપદા અને લાલુ તળપદાના નામ ખુલતા પોલીસે તેની શોધખોળ આરંભી છે.

## ઉનાના સીમર ગામે કન્યા પ્રાથમિક શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ કરતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ

### રૂ.૧.૪૨ કરોડના ખર્ચે અદ્યતન બિલ્ડીંગ બનાવાયું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

આજરોજ ઉના તાલુકાના સીમર ગામે ઉનાના માનનીય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે સીમર ગામે રૂ. ''૧.૪૨ કરોડના'' ખર્ચે અદ્યતન સુવિધામાં નવનિર્માણ થયેલ હીરાબેન વાડીભાઈ શાહ સીમર કન્યા પ્રાથમિક શાળાના બિલ્ડીંગનું ''(૧૩ રૂમોનું)'' લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના સદસ્ય ભાવેશભાઈ ઉપાધ્યાય, તાલુકા પંચાયતના સદસ્ય રામભાઈ ચૌહાણ, ભરતભાઈ રાઠોડ, ખજૂદ્રા ગામના સરપંચ બાલુભાઈ રાઠોડ, સંજયભાઈ (રાણા) સીમર ગામના આગેવાનો માલાભાઈ ચૌહાણ, કાળુભાઈ ડાભી, પ્રકાશભાઈ સોલંકી,



લખમણભાઈ ડાભી, નારણભાઈ ચૌહાણ, વિક્રમસિંહ ગોહિલ, પીતાંબરભાઈ સોલંકી, વિક્રમસિંહ મકવાણા તેમજ ગ્રામજનો, કન્યા શાળા સંકુલ સ્ટાફ અને વિધાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## દરેડમાં ડિગ્રી વગરની મહિલા ડોક્ટરને એસઓજીએ ઝડપી લીધી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના દરેડ ગામમાં ધો-૧૨ સુધીનો અભ્યાસ કરેલી મહિલા પાસે ડોક્ટરની ડીગ્રી ન હોવા છતાં ક્લીનિક ખોલીને દર્દીઓને તપાસીને દવાઓ આપતા એસઓજીએ ઝડપી લીધી છે અને તેના કબજામાંથી દવાઅ તેમજ મેડીકલને લગતી સામગ્રી કબજે કરી છે.દરેડમાં સરદારનગરમાં રહેતી બાઘીબેન રણજીતભાઈ ખાટલીયા (ઉ.વ.૨૫) નામની યુવતી પાસે ડોક્ટરની ડીગ્રી ન હોય અને માત્ર ધો-૧૨ સુધીનો જ અભ્યાસ કરેલ હોય, તેમ છતાં દરેડ જીઆઈડીસીમાં ૭૨ ખોલીમાં જાહલ નામનું કલીનિક ખોલ્યું હતું. તેમાં દર્દીઓને તપાસી દવાઓ આપીને લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડા કરતી હતી.

જે અંગેની બાતમીના આધારે એસઓજી પીઆઈ બી. એન. ચૌધરીની સુચનાથી ટીમે દરોડો પાડ્યો હતો અને બાઘીબેન પાસે ડોકટરને લગતી ડીગ્રી ન હોવાથી અટકાયત કરી હતી અને તેના કબજામાંથી દવાઓ તેમજ મેડીકલને લગતી સામગ્રી મળીને કુલ રૂ.૪૯૭૯નો મુદામાલ કબજે કર્યો હતો. મેડીકલ પ્રેક્ટીશનર્સ એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે. દરેડ વિસ્તારમાં મજૂરો અને પરપ્રાંતિયોની સંખ્યા વધુ છે.

ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫

## વૉટરપ્રૂફ ડોમની સુવિધાનો લાભ મેળવીને તંત્રનો આભાર વ્યક્ત કરતા યાત્રિકો

### મેડિકલ સેવા, પોલીસ કંટ્રોલ રૂમ અને સીસીટીવી સાથે સજ્જ ડોમ

**મુખ્ય સમાચાર, અંબાજી**

અંબાજી મહામેળા દરમિયાન પગપાળા યાત્રાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આ વર્ષે ચાર અલગ-અલગ સ્થળોએ વૉટરપ્રૂફ ડોમ ઉભા કરવામાં આવ્યા છે. દાંતાથી અંબાજી આવતા માર્ગ પર પાન્છા ખોડીયાર-બ્રહ્માની માર્બલ સામે વીર મહારાજ વચ્ચેની ખુલ્લી જગ્યા, હડાદથી અંબાજી આવતા માર્ગ પર કામાક્ષી મંદિર સામેની જગ્યા, જૂની કોલેજ ખાતે આવેલ ખુલ્લી જગ્યા તથા માંગલ્ય વનની પાછળના ભાગની જગ્યા એમ કુલ ચાર સ્થળોએ આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ એક ડોમમાં યાત્રાળુઓ માટે અંદાજે ૧૨૦૦ બેડની વ્યવસ્થા સાથે મલ્ટી પર્પઝ ડોમ, શૌચાલય, સીસીટીવી કેમેરા, મોબાઇલ ચાર્જિંગ સુવિધા, હાઉસકીપિંગ સર્વિસ, સાઈનેજિસ, ફ્લોર કાર્પેટ, ફ્લૅગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રિફિકેશન, અગ્નિશામક સાધનો તેમજ સમાન મુકવાની સુવિધા જેવી આધુનિક વ્યવસ્થાઓ કરવામાં આવી છે.એવા ચાર ડોમ બનાવાયા છે.

આ સાથે અહીં મેડિકલ સેવા કેન્દ્ર અને પોલીસ કંટ્રોલ રૂમ સહિત સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. આજે પ્રથમ દિવસે આ ડોમનો યાત્રાળુઓ લાભ લઈને તંત્રનો આભાર વ્યક્ત કરી રહ્યા છે. દૂર દૂરથી આવેલા પદયાત્રીઓ વિનામૂલ્યે નિરાંતે શાંતિથી અહીં આરામ કરે છે. અહીં સ્વચ્છતાનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. તમામ વર્ગના લોકો અહીં રજિસ્ટ્રેશન કરી વિનામૂલ્યે સેવાનો લાભ લઈ રહ્યા છે.

## રૈયારોડ પર બ્રહ્મસમાજ ચોક પાસે સરાજાહેર યુવાન પર હિચકારો હુમલો કરનાર શખ્સોનું પોલીસે સરઘસ કાઢ્યું





રૈયારોડ પર આવેલા બ્રહ્મસમાજ ચોક પાસે શિવપરામાં રહેતા તેજશ ડાંગર નામના યુવાનને મજાક મશ્કરી કરવા બાબતે થયેલી માથાકુટનો ખાર રાખી સગીર સહિત પાંચ શખ્સોએ બ્રહ્મસમાજ ચોકમાં સરાજાહેર છરી વડે હુમલો કરી ગંભીર ઈજા કરવાના બનાવમાં ગાંધીગ્રામ પોલીસે ગણતરીની કલાકોમાં સગીર સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી બનાવ સ્થળે લઇ જઇ જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ગ્રામીણ વિસ્તારમાં બારમાસી માર્ગો - ઓલવેધર રોડની સુવિધા આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય

### રાજ્યના તમામ જિલ્લાઓમાં પંચાયત હસ્તકના પ્લાન રસ્તાઓના રિસરફેસિંગ અને આનુષંગિક કામગીરી માટે ૨૬૦૯ કરોડ રૂપિયા મંજૂર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

મુખ્યમંત્રીએ આ હેતુસર રાજ્યના તમામ જિલ્લાઓના પંચાયત હેઠળના જરૂરિયાતવાળા પ્લાન રસ્તાઓના રિસરફેસિંગ અને આનુષંગિક કામગીરી માટે ૨૬૦૯ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

આ માતબર રકમમાંથી જે માર્ગોના રિસરફેસિંગ સહિતના કામો થવાના છે, તેમાં ઉત્તર ગુજરાત વિસ્તારમાં ૧૬૦૯ કિલોમીટરના ૪૮૭ માર્ગો, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ૧૫૨૮ કિલોમીટર લંબાઈના ૪૯૯ માર્ગો અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૧૦૫૯ કિલોમીટરના ૨૭૨ ગ્રામીણ માર્ગોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી સમક્ષ જનપ્રતિનિધિઓ અને ગ્રામીણ નાગરિકો, અગ્રણીઓ દ્વારા બારમાસી રસ્તાની સુવિધા માટે કરવામાં આવતી રજૂઆતોનો ત્વરિત અને સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ૪૧૯૬ કિલોમીટર લંબાઈના ૧૨૫૮ માર્ગોની મરામત તથા રિસરફેસિંગ કામો માટે આ નાણાંની ફાળવણી કરી છે. આ માર્ગોનું રિસરફેસિંગ અને અન્ય અનુષંગિક કામગીરી પૂર્ણ થતાં ગ્રામીણ વિસ્તારોનું રોડ નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંગીન થવાથી કનેક્ટિવિટી વધશે અને નાના ગામોમાં પણ આંતરિક તેમજ શહેરો સાથેના વાહન યાતાયાતમાં વધુ સરળતા મળશે.

## જામનગર આરોગ્ય સેવાઓમાં જિલ્લાની અનેરી સિદ્ધિ

### ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓ બદલ લાલપુર તાલુકાના બે આયુષ્માન આરોગ્ય મંદિરોને રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર મળ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ભારત સરકાર દ્વારા જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલ બે આયુષ્માન આરોગ્ય મંદિરોને તેમની ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓ બદલ રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણો (National Quality Assurance Standards - NQAS) નું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.લાલપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પડાણા હેઠળ આવતા આયુષ્માન આરોગ્ય મંદિર જોગવડ અને આયુષ્માન આરોગ્ય મંદિર રંગપરને કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત થયેલી ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન ચકાસણી બાદ આ સન્માન પ્રાપ્ત થયું છે. આ ચકાસણીમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ, માતૃત્વ અને બાળ આરોગ્ય સેવાઓ, કિશોર આરોગ્ય



સંભાળ, રોગ નિદાન અને સારવાર, ઈમરજન્સી સેવાઓ, માનસિક આરોગ્ય, આયુષ અને યોગ, અને શાળા આરોગ્ય કાર્યક્રમો જેવી સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.આ મૂલ્યાંકન દરમિયાન દર્દી-કેન્દ્રિત સેવાઓ, સ્ટાફની કામગીરી અને જરૂરી માપદંડોની ચકાસણી કરવામાં આવી હતી. આ સઘન પ્રક્રિયાના અંતે, આયુષ્માન આરોગ્ય મંદિર રંગપરને ૯૧% અને આયુષ્માન આરોગ્ય મંદિર જોગવડને ૯૦% ગુણ સાથે રાષ્ટ્રીય કક્ષાનું NQAS પ્રમાણપત્ર મળ્યું છે, જે જામનગર જિલ્લાની ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓની પ્રતીતિ કરાવે છે.

આ સિદ્ધિ બદલ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. નુપુર પ્રસાદ, જિલ્લા ક્વોલિટી એશ્યોરન્સ મેડિકલ ઓફિસર ડૉ.રાજેશ ગુપ્તા, અને તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. પી.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પડાણાના મેડિકલ ઓફિસર ડૉ. માનસી પટેલ અને આયુષ્માન આરોગ્ય મંદિર જોગવડ અને રંગપરની સમગ્ર આરોગ્ય ટીમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

જિલ્લાના આરોગ્ય વિભાગની આ સિદ્ધિ દર્શાવે છે કે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે ટીમનો પ્રયાસ કેટલો મહત્ત્વપૂર્ણ છે. આ સફળતાથી પ્રેરાઈને લાલપુર તાલુકાના અન્ય ૭ આયુષ્માન આરોગ્ય મંદિરો પણ હવે રાષ્ટ્રીય સ્તરના પ્રમાણપત્ર માટે તૈયારી કરી રહ્યા છે, જ્યારે ૧૬ આયુષ્માન આરોગ્ય મંદિરો રાજ્ય સ્તરના પ્રમાણપત્ર માટે સઘન મહેનત કરી રહ્યા છે. આ પ્રયાસો જિલ્લાના આરોગ્ય માળખાને વધુ મજબૂત બનાવશે અને નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં મદદ કરશે.

### સીવાયએસએસ રાજકોટના મંત્રી આર્યન પઠાણનો આજે જન્મદિવસ



વિદ્યાર્થીનેતા અને આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ સીવાયએસએસના રાજકોટ શહેર અને જીલ્લાના મંત્રી આર્યન પઠાણનો આજે જન્મદિવસ છે. સીવાયએસએસ રાજકોટ મંત્રી તરીકે તેઓએ સતત બે વાર સફળ કાર્યકાળ પૂર્ણ કરેલ છે. સાથોસાથ બ્લડ ડોનેસન કેમ્પ, પદયાત્રીઓની સેવા, ફૂડ પેકેટ તેમજ વિદ્યાર્થી સહાય જેવી અનેક સમાજીક પ્રવૃતિઓમાં તેઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. આજે તેમના જન્મદિવસ નિમિતે મો. નં.૭૬૨૧૦ ૯૩૧૫૨ પર શુભેચ્છાની વર્ષા વર્ષી રહી છે.

## જામનગર જિલ્લા જેલ ખાતે નવનિર્મિત ૫૮ સ્ટાફ ક્વાર્ટર્સનું ઇ-લોકાર્પણ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. ગાંધીનગર ખાતેથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ દ્વારા ગુજરાતને ડાયલ-૧૧૨ ઈમરજન્સી સેવા અને અદ્યતન પોલીસ માળખાની ભેટ આપવામાં આવી હતી.અમિતભાઈ શાહે સમગ્ર રાજ્ય માટે ડાયલ-૧૧૨ ઈન્ટિગ્રેટેડ ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS)નું લોકાર્પણ કરતા હવે પોલીસ, ફાયર, એમ્બ્યુલન્સ, મહિલા હેલ્પલાઈન અને બાળ હેલ્પલાઈન જેવી તમામ તાત્કાલિક સેવાઓ એક જ યુનિફાઈડ નંબર ૧૧૨ પર ઉપલબ્ધ થશે. આ લોકાર્પણ સાથે, તેમણે ૫૦૦ જનરક્ષક વાહનો પણ રાજ્યને અર્પણ કર્યા. આ સેવામાં એક અત્યાધુનિક સેન્ટ્રલાઈઝ્ડ કોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જ્યાં ૧૫૦ તાલીમબદ્ધ કર્મચારીઓ





૨૪ કલાક કાર્યરત રહેશે. આ સિસ્ટમ એવી રીતે બનાવવામાં આવી છે કે ઈમરજન્સી કોલ આવતાં જ ઘટના સ્થળે સૌથી નજીકનું જનરક્ષક વાહન તરત જ પહોંચી જશે. રાજ્યના કાયદો-વ્યવસ્થા તંત્રને વધુ મજબૂતી આપવા માટે, અમિતભાઈ શાહે મોબિલિટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત ૫૩૪ નવા પોલીસ વાહનોનું પણ લોકાર્પણ કર્યું. આ વાહનો પોલીસની કાર્યક્ષમતા, ગતિશીલતા અને લોકો સુધી પહોંચવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે.આ ઉપરાંત, ગુજરાત સ્ટેટ પોલીસ હાઉસિંગ કૉર્પોરેશન લિ. દ્વારા રૂ. ૨૧૭ કરોડના ખર્ચે રાજ્યભરમાં બાંધવામાં આવેલા વિવિધ રહેણાંક અને બિન-રહેણાંક પ્રોજેક્ટ્સનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું. જેમાં જામનગર જિલ્લા જેલ ખાતે બાંધવામાં આવેલા નવા સ્ટાફ ક્વાર્ટર્સ બ્લોક B-48, C-06 અને D-04નું પણ આ કાર્યક્રમમાં લોકાર્પણ થયું.આ પ્રસંગે જામનગર જિલ્લા જેલના અધિક્ષક નાસીરૂદ્દીન લોહારે સરકારનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે આ નવા પ્રોજેક્ટ્સથી પોલીસ અને જેલ સ્ટાફનું મનોબળ અને આત્મવિશ્વાસ વધશે. જામનગર જિલ્લા જેલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી તથા રીવાબા જાડેજા, જામનગર સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા જેલર બલભદ્રસિંહ રાયજાદા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવી અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓનું સંબોધન જેલ સ્ટાફ અને તેમના પરિવારો સુધી સીધું પ્રસારિત થયું હતું.

## જામનગરમાં જુગારના છ દરોડામાં ત્રણ મહિલા સહિત તેત્રીસ ઝડપાયાઃ રૂ.સવા બે લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રણજીતસાગર રોડ પર હર્ષદ મીલની ચાલીની પાછળ મહાવીરનગરમાં જુગાર રમાતો હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના સ્ટાફે તિનપતી જુગાર સીટી એ ડીવી પોસ્ટે.પી આઈ.એન એ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ ખંભાળિયા ગેઈટ ચોકી ના પી એસ આઈ દી જી રામાનુજની સૂચના મુજબ.બાતમી - વિનાયકભાઈ વાઘેલા, જીજ્ઞેશભાઈ પરમાર, રમેશભાઈ મકવાણા.રાત્રે બે વાગ્યે દરોડો પાડ્યો હતો. ત્યાં તીનપત્તી રમતા આશિષ સુરેશભાઈ સોલંકી, મહેશ જેરામભાઈ ઢાકેચા, અજય અશોકભાઈ ઢાકેચા, ધર્મેન્દ્ર કિશનભાઈ પરમાર, જયેશ કિશોરભાઈ સોલંકી, ભરત શંકરભાઈ નારોલા, ભાસ્કર મધુકર ચૌહાણ ઉર્ફે ભાવેશ નામના સાત શખ્સ ઝડપાઈ ગયા હતા. પોલીસે પટમાંથી રૂ.૧૧૧૩૦ રોકડા કબજે કર્યા છે.જામનગર બેડી વિસ્તાર ઉપરાંત જકાતનાકા નજીક રાજ રાજેશ્વરી સોસાયટીમાં પોલીસે દરોડા પાડી જુગાર ઝડપી લીધો હતો. સિક્કા, દરેડ તથા જામજોધપુરના ગોપમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. કુલ છ દરોડામાં ત્રણ મહિલા અને ત્રીસ પુરૂષ ઝડપાયા છે. એક નાસી ગયો છે. રૂપિયા સવા બે લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરાયો છે.જામજોધપુર તાલુકાના ગોપ ગામના વાડી વિસ્તારમાં ગઈકાલે સાંજે તીનપત્તી રમતા કરશનભાઈ મારખીભાઈ ભાટુ, ઈશાક ગુલમામદ ધુધા, ભીખુભાઈ ભીમજીભાઈ પરમાર, સંજય કરશનભાઈ ચાવડા, ડાડુભાઈ મારખીભાઈ બેરા, ભાયાભાઈ ભીમશીભાઈ ડાંગર નામના છ શખ્સ પોલીસના દરોડામાં પકડાઈ ગયા હતા. પટમાંથી રૂ.૨૪૮૦૦ રોકડા, એક બાઈક, પાંચ મોબાઈલ કબજે કરવામાં આવ્યા છે.જામનગર નજીકના દરેડમાં ગોકુલધામ સોસાયટીમાં રોનપોલીસ રમતા સતિષ રાજાભાઈ સાગઠીયા, શાહનવાઝ મહંમદઅબ્દુલ ખેરાણી, શાહરૂખ કાદરભાઈ ખેરાણી, કારાભાઈ ચનાભાઈ રાઠોડ, મનસુખભાઈ વાલાભાઈ રાઠોડ, મુળજી પાલાભાઈ સાગઠીયા નામના છ શખ્સ રૂ.૭૦ હજાર રોકડા તથા છ મોબાઈલ સાથે પકડાયા છે.જામનગરના બેડી વિસ્તારમાં એકડેએક દરગાહ પાસે ગઈરાત્રે ગંજીપાનાથી જુગાર રમતા આમદ ગફાર જામ, સલીમ કરીમ જેડા, ગુલામ જુસબ ભગાડ, ફિરોઝ અબ્દુલ નોતીયાર, અનવર નુરમામદ ખોડ, અનવર ઉર્ફે નઝીર કાસમ વાઘેર, કરીમ દાઉદ જેડા નામના સાત શખ્સ ઝડપાયા છે. ઈશાક ઓસમાણ ચમડીયા નાસી ગયો છે. પટમાંથી રૂ.૧૯૭૧૦ કબજે થયા છે.જામનગરના ગોકુલનગર નજીક રાજ રાજેશ્વરી સોસાયટીમાં ગંજીપાનાથી જુગાર રમતા બાબુભાઈ કારાભાઈ જેપાર, રતીલાલ વેલજીભાઈ રાજ્યગુરૂ, હંસાબેન મનસુખભાઈ ગઢીયા, સુશીલાબેન રાજેશભાઈ જોષી, જયોત્સનાબેન રતીલાલ રાજ્યગુરૂ નામના પાંચ વ્યક્તિ પકડાઈ ગયા હતા. પટમાંથી રૂ.૧૨૮૪૦ રોકડા કબજે લેવાયા છે.જામનગર તાલુકાના સિક્કા ગામમાં ગંજીપાના કૂટતા અનવર તાલમ હુંદડા, અસગર તાલમ હુંદડા નામના બે શખ્સ ઝડપાઈ ગયા છે.

# રાજકોટ શહેરમાં અવાજનું પ્રદૂષણ ફેલાવવા અંગે પ્રતિબંધાત્મક આદેશો જાહેર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, તે માટે માઇક સીસ્ટમવાળાઓએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો મુજબ ધ્વનિ પ્રદૂષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે, તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સામાન્ય રીતે, તહેવારો દરમિયાન તેમજ લગ્નપ્રસંગો અને મેળાવડા દરમિયાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી તેમજ રહેણાંક વિસ્તારમાં થઇ રહેલી ઔદ્યોગિક પ્રવૃતિ, વાહનોની અવરજવર તેમજ હોર્ન વગાડવાના કારણે અને બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે ધ્વનિ પ્રદૂષણ ફેલાતુ જોવા મળે છે. આથી, રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝાએ અવાજનું પ્રદૂષણ ફેલાવવા ઉપર પ્રતિબંધાત્મક આદેશો જાહેર કર્યા છે.

જે મુજબ માઇક સીસ્ટમ ભાડે આપનાર માલીક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઇવેન્ટ મેનેજર સમગ્ર રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની નજીકમાં આવેલી ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઇક સીસ્ટમ ભાડે આપી શકાશે નહીં.

વધુમાં, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના શાંત વિસ્તારની આજુબાજુમાં માઇક સીસ્ટમનો ઉપયોગ થઇ શકે નહીં. કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો, ગાયનો માઇક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમોનો અમલ કરવા તેમજ નાચગાન, ગરબી જાહેરમાર્ગમાં રોકાઇને કરવા નહીં. આ હુકમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# ડ્રોન કે માઇક્રો લાઇટ એરક્રાફ્ટ હેલીકોપ્ટરની વિગતો પોલીસ સ્ટેશનમાં રજૂ કરવાના આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કમિશ્નરેટ વિસ્તારમાં વાઇટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, વી.વી.આઈ.પી રહેઠાણ તેમજ શહેરની જનતાની જાનમાલની સુરક્ષા અને સુલેહ-શાંતીનું વાતાવરણ જળવાઇ રહે, તે હેતુસર શહેરના મહત્વના ૩૬ સ્થળો પર રાજકોટ શહેર પોલિસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલ ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલીત એરીયલ મીસાઇલ, હેલીકોપ્ટર, કે પેરાગ્લાઇડર, રીમોટ કંટ્રોલ સંચાલીત માઇક્રોલાઇટ એરક્રાફ્ટ ચલાવનાર સંચાલક તથા વ્યવસાયીકો માટે નિયંત્રણ મુકતા હુકમો જારી કર્યા છે.

જે મુજબ સંચાલકો કે માલીકોએ આ ડ્રોન કેમેરાની સંપૂર્ણ માહિતી જેવી કે મોડેલ નંબર, વજન, ક્ષમતાની વિગતો વગેરે સાથે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે તેમજ તેનો ઉપયોગ કરતા પહેલા જે વિસ્તારમાં ઉપયોગ કરવાનો હોય તે વિસ્તાર સંબંધીત પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીની પૂર્વમંજુરી લેવાની રહેશે. આ જાહેરનામાનો અમલ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં તા. ૩૧/૧૦/૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે. સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઇક્રોલાઇટ એરક્રાફ્ટને આ આદેશો લાગુ પડશે નહીં.

# ઘરઘાટી, નોકર, રસોઈયા, વોચમેન, માળીની વિગતો જાહેર કરવા પોલીસ કમિશ્નરનો આદેશ

### સીટીઝન પોર્ટલ/ સિટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફત ઓનલાઈન નોંધણી કરાવી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ભુતકાળમાં બનેલ લુટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવું જોવા મળેલ છે કે આવા ગુન્હામાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઇયા, વોચમેન, માળી વગેરે મકાન માલીકનો વિશ્વાસ મેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃત્તિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલ્કત સબંધી તેમજ શરીર સબંધીના ગંભીર ગુન્હા આચરતા હોય છે. કોઈ ઔદ્યોગિક એકમો/ મકાનો/ બંગલા/ દુકાનો/ કારખાનાઓ /મકાન બાંધકામ બિલ્ડર્સ/ ટેક્ષટાઈલ ઉદ્યોગ/ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરોના માલિક /ઓનલાઈન સર્વિસ પ્રોવાઈડરો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો કે જે હાલમાં કામ પર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો નોકરોની માહિતી/ હકીકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લીકેશન મારફતે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તેમજ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશનને આ માહિતી આપવાની રહેશે.

આ ઉપરાંત રજુ કરવાની માહિતી સાથે મકાન માલીકનો તથા નોકરી પર રાખેલ નોકર/વોચમેનના પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ, સાથે મકાન માલીકનું નામ તથા સરનામું, ટેલિફોન નંબર તથા મોબાઇલ નંબર, કામે રાખેલ નોકરનું પુરુ નામ તથા ઓળખ ચિન્હો, હાલનું પુરુ સરનામું તથા મોબાઇલ નંબર, કામે રાખેલ નોકરના મુળ વતનનું સરનામું તથા મોબાઇલ નંબર, નોકરને નોકરી પર રાખ્યા તારીખ, જેની ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે? તે સ્થાનિક રહીશનું પુરુ નામ, સરનામું તથા મોબાઇલ નંબર, નોકરના બે થી ત્રણ સગાસબંધીના નામ તથા સરનામા અને મોબાઇલ નંબર તથા વોચમેન હથીયાર ધરાવતાં હોય તો તેના હથીયાર લાયસન્સની વિગત તથા માન્ય એરીયા તથા રીન્યુ તારીખની વિગતો પણ આપવાની રહેશે. આ જાહેરનામાનો અમલ તા. ૩૧/૧૦/૨૦૨૫ સુધી રહેશે તેમ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ જાહેરનામા દ્વારા જણાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# નવરાત્રી પર્વમાં વિધર્મી લોકોને પ્રવેશ ન આપવામાં આવે તે બાબતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આવેદન અપાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નવરાત્રી પર્વ દરમિયાન વિધર્મીઓને પ્રવેશ ન આપવા બાબતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પોલીસ કમિશનર નેઆવેદન સુપ્રત કરાયું હતું. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે નવરાત્રી પર્વ દરમિયાન વીધર્મીઓને નવરાત્રીમાં પ્રવેશ ન આપવામાં આવે. વધુમાં નવરાત્રીમાં પ્રવેશ કરનાર તમામને ચેકિંગ હાથ ધરી પ્રવેશ કરવા દેવમાં આવવા જોઈએ તેવી માગ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા કરાઈ હતી.

# આજે અને 3 સપ્ટેમ્બરની હાપા/જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉત્તર રેલવેના કઠુઆ-માધોપુર પંજાબ સેક્શનમાં ડાઉન લાઈન પર બ્રિજ નંબર ૧૭માં મિસઅલાઇનમેંટ થવાને લીધે રેલવેની અવરજવર સ્થગિત કરવામાં આવી છે, જેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૨ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ થયેલી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

(૧) ૦૨.૦૯.૨૦૨૫ના રોજ હાપાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૫ હાપા-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ રદ.

(૨) ૦૩.૦૯.૨૦૨૫ના રોજ જામનગરથી ઉપડનારી ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ રદ.

# ગોંડલ ખાતે કેશ ક્રેડિટ કેમ્પ યોજાયોઃ ૧૬ સ્વ સહાય જૂથની બહેનોને રૂ. ૨૪.૫૦ લાખની લોન મંજુર કરાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એન.આર.એલ.એમ.) યોજના અંતર્ગત સ્વ સહાય જૂથની બહેનો આજીવિકા પ્રાપ્ત કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા માઈક્રો ફાયનાન્સ સ્કીમ હેઠળ લોન આપવામાં આવે છે. જે અન્વયે આજરોજ ગોંડલ તાલુકા પંચાયત કચેરી ખાતે એ.ટી.ડી.ઓ મેહુલભાઈ ભરડવાની અધ્યક્ષતામાં વિવિધ બેંકોના સહયોગથી ક્રેડિટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૬ જેટલા સ્વ સહાય જૂથની બહેનોને રૂ. ૨૪.૫૦ લાખની ધિરાણ રૂપે લોન મંજુર કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા આસિસ્ટન્ટ પ્રોગ્રામ મેનેજર વિરેન્દ્રભાઈ અગ્રવાતે માહિતી આપતા જણાવ્યું હતું કે, આયોજિત કેમ્પમાં આર.ડી.સી. બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ ઈન્ડિયા સહિતની બેંક દ્વારા પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલા ૧૬ જેટલા ગ્રુપને લોન સહાય આપવામાં



આવી છે. જયારે ૪ બેન્કમાં સખીની નિમણુંક કરવામાં આવી છે. યોજના હેઠળ ૩૦ જેટલી બહેનોના વીમો લેવામાં આવ્યા છે. કેશ ક્રેડિટ પ્રોગ્રામમાં સારી કામગીરી કરવા બદલ ૩ બેન્ક તેમજ સી.સી. ની સારી કામગરી બદલ મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી તેઓની કામગીરીને બિરદાવી હતી.

આ તકે આસિસ્ટન્ટ પ્રોગ્રામ મેનેજર, ગોંડલ એસ. ગોહિલ, વિવિધ બેન્કના બ્રાન્ચ મેનેજરઓ, તાલુકા પંચાયતના સદસ્ય, અધિકારીઓ તેમજ સ્વ સહાય જૂથની બહેનો ઉપસ્થિત રહી હતી.

# રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ રાજકોટ ડિવિઝનના ૨ કર્મચારીઓને ડીઆરએમ દ્વારા સન્માનિત કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવેની સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડિવિઝનના ૨ કર્મચારીઓને રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના દ્વારા આજે ડીઆરએમ ઑફિસ, રાજકોટ ખાતેના કોન્ફરન્સ રૂમમાં પ્રશસ્તિ પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પુરસ્કાર રાજકોટ ડિવિઝનના ઇલેક્ટ્રિકલ (ટ્રેક્શન) વિભાગના કર્મચારીઓને મે અને જુલાઈ, ૨૦૨૫ મહિનામાં રેલવેની સલામતીમાં તેમના શ્રેષ્ઠ કાર્ય માટે આપવામાં આવ્યો છે. પુરસ્કાર મેળવનારા કર્મચારીઓમાં શ્રી ઉદય સિંહ મીણા (ગુડ્સ ટ્રેન લોકો પાઇલટ, મુખ્ય મથક-હાપા) અને શ્રી અરુણ કુમાર પાંડે (ગુડ્સ ટ્રેન લોકો પાઇલટ, મુખ્ય મથક-હાપા) નો સમાવેશ થાય છે. રેલવે કર્મચારી ઉદય સિંહ મીણાએ જાગૃત રહીને કામ કરતા સંભવિત અકસ્માતોને અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ૧૯.૦૫.૨૦૨૫ના રોજ મોડપુરથી મારવાડ જઈ રહેલી ગુડ્સ ટ્રેનની તપાસ દરમિયાન તેમણે એક વેગનમાં સેન્ટર બફર કપલર પિન (જે બે વેગનોને એકબીજા સાથે જોડી રાખે છે) તૂટેલી જોઈ અને તાત્કાલિક પગલાં લીધા હતાં. રેલવે કર્મચારી અરુણ કુમાર પાંડેએ ૨૭.૦૭.૨૫ના રોજ હાપાથી મોડપુર જઈ રહેલી ગુડ્સ ટ્રેનમાં ફરજ દરમિયાન મોડપુર સ્ટેશન પર કાંટા નંબર ૧૨૯માં અસામાન્યતા જોઈ અને તેમણે તરત જ ટ્રેન રોકીને એક મોટી દુર્ઘટના થતી અટકાવી. તેમણે તાત્કાલિક ફરજ પરના સ્ટેશન માસ્ટરને જાણ કરી, ત્યારબાદ સ્ટેશન માસ્ટરે આગળની કાર્યવાહી શરૂ કરી. આમ, આ બંને કર્મચારીઓએ ફરજ પ્રત્યે નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું અને તેમની સતર્કતાથી એક સંભવિત અસામાન્ય ઘટના ટળી ગઈ. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ સેફ્ટી અધિકારી રમેશચંદ મીણા અને વરિષ્ઠ ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટીઆરડી) જીતેન્દ્ર કુમાર મંગલ ઉપસ્થિત રહ્યા હતા.

# ટંકારાના વાછકપર ગામે ગૃહ કંકાસમાં પરિવારનો માળો વિખાયો

### માતા અને પુત્ર-પુત્રીએ ઝેરી દવા ગટગટાવીઃ પુત્રનું મૃત્યુ



**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના વાછકપર ગામે ગૃહ કંકાસમાં પરિવારનો માળો વિખાયો છે, જેમાં માતા-પિતા વચ્ચે રૂપિયા બાબતે બોલાચાલી ઝઘડાનું લાગી આવતા માતાએ ગુસ્સામાં આવી ઝેરી દવા પી લીધી હતી, જેને જોઈ પુત્ર હરદેવભાઈ સાકરીયા અને પુત્રી આરવીએ પણ દવા પી લીધી હતી. ત્યારે સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં પુત્ર હરદેવભાઈનું મોત થયું છે, જ્યારે માતા અને પુત્રીની હાલત ગંભીર છે.

ટંકારા તાલુકાના વાછકપર ગામે ઘરમાં ચાલતા પારિવારિક ઝઘડા બાદ બનેલ હૃદયદ્રાવક બનાવ બાબતે નાના એવા વાછકપર ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

આ બનાવ મળતી વિગતો મુજબ, મરણજનાર હરદેવભાઈ હિરાલાલ સાકરીયા ઉવ.૧૫ રહે. વાછકપર ગામ વાળાના માતા-પિતા વચ્ચે રૂપિયા બાબતે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીમાં માતા કૃપાલીબેનને મનોમન લાગી આવતા તેમણે ગુસ્સામાં આવી ઝેરી દવા પી લીધી હતી. માતાને આ રીતે દવા પીતા જોઈ પુત્ર હરદેવભાઈ તથા પુત્રી આરવીએ પણ પોતાની રીતે ઝેરી દવા પી દીધી હતી. ત્યારે પરિવારના સભ્યોએ તાત્કાલિક ત્રણેયને સારવાર માટે પ્રથમ રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડયા હતા, જ્યાંથી વધુ સારી સારવાર માટે સીનર્જી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં ફરજ પરના ડોક્ટરે પુત્ર હરદેવભાઈનું મોત નિપજ્યા અંગે જાહેર કર્યું હતું. જ્યારે માતા કૃપાલીબેન અને પુત્રી આરવીની હાલત હજુ ગંભીર છે અને સારવાર હેઠળ છે. ઉપરોક્ત મૃત્યુના બનાવ અંગે ટંકારા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબી રોડ પર ગજાનંદ ટ્રસ્ટ દ્વારા ભવ્ય ગણેશ મહોત્સવનું આયોજન






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મોરબી રોડ પર નાની કાટક પાસે ગજાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૦ વર્ષથી જુદી-જુદી થીમ પર ગણપતિ સ્થાપના કરવામાં આવે છે.

અહીં આ વર્ષે સૈનિકની વેશભૂષા ધારણ કરીને બેઠેલી મુદ્રામાં ૫.૫ ફૂટની ગણપતિની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. 'ઓપરેશન સિંદૂર થીમ અંતર્ગત ૬૦*૨૦નો વિશાળ પંડાલ બે મહિનાની જહેમતથી તૈયાર કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત સ્વચ્છતા અને વ્યસનમુક્તિ અંગે પણ જાણકારી આપવામાં આવી છે. પંડાલમાં સૈન્ય છાવણીની પ્રતિકૃતિ બનાવર છે. ગણપતિ સ્થાપનાના ૧૦ દિવસ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલય ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (DLSA) દ્વારા કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓને કાયદા અંગે સરળ અને સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડવાનો હતો જેથી તેઓ પોતાના હક્ક અને ફરજ અંગે જાગૃત બને અને સમાજમાં કાનૂની જાગૃતિનો વ્યાપક સંદેશ ફેલાય. આજના સમયમાં કાયદાની જાણકારી દરેક નાગરિક માટે અત્યંત આવશ્યક છે કારણ કે કાયદો માત્ર કોર્ટ કે વકીલ સુધી મર્યાદિત નથી, પરંતુ એ આપણા દૈનિક જીવન સાથે સીધી રીતે સંકળાયેલો છે. ઘણીવાર કાયદાકીય જોગવાઈઓની અજાણ હોવાને કારણે લોકો મુશ્કેલીમાં મુકાય છે, આથી જ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેથી કાયદો પ્રત્યેનો ભય દૂર થાય અને લોકોમાં વિશ્વાસ જન્મે. કાર્યક્રમ દરમિયાન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ફુલટાઈમ સેક્રેટરી અને પૂર્વ સિનિયર સિવિલ જજ એચ.વી. જોટાણીયા સાહેબે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું અને ખાસ કરીને પોક્સો (POCSO) કાયદા અંગે સરળ ભાષામાં સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું કે આ કાયદાનો હેતુ માત્ર દંડ આપવાનો નથી પરંતુ બાળકોને સુરક્ષા અને ન્યાય આપવાનો છે. બાળકો સામે થતા યૌન અપરાધોને રોકવા માટે રચાયેલા આ કાયદામાં પીડિતની ઓળખ સુરક્ષિત રાખવા, કોર્ટમાં મિત્રતાપૂર્વકનું વાતાવરણ પૂરું પાડવા અને પીડિતના માનસિક સંતુલનનું રક્ષણ કરવાની વિશેષ જોગવાઈઓ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને મફત કાનૂની મદદ મેળવવાની રીત, મહિલાઓ માટેની ખાસ સુવિધાઓ, ઘરેલુ હિંસા સામેની કાનૂની વ્યવસ્થા અને સામાન્ય નાગરિકોને મળતી સહાય અંગેની માહિતિ આપવામાં આવી હતી. કુલ ૧૪૮૫ વિદ્યાર્થિનીઓએ કાર્યક્રમમાં હાજરી આપી અને અનેક પ્રશ્નો પુછ્યા હતા જેના સંતોષકારક જવાબ નિષ્ણાતોએ આપ્યા હતા. આથી સ્પષ્ટ થાય છે કે યુવતીઓમાં કાયદા પ્રત્યે જાગૃતિ મેળવવાની તલપ વધી રહી છે. કાર્યક્રમમાં શાળાના ડિરેક્ટર હીરાબેન માંજરીયા, પ્રિન્સીપાલ વર્ષાબેન ડવ તથા શિક્ષકગણની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. શિક્ષકોએ પણ અભિપ્રાય આપ્યો કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓ માટે અત્યંત ઉપયોગી છે કારણ કે તેમને પુસ્તકી જ્ઞાનની બહાર કાયદા અને સમાજ અંગે વ્યવહારુ સમજણ મળે છે. કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સ્ટાફ સભ્યો સમીરભાઈ અને અમિતભાઈએ સક્રિય ભૂમિકા ભજવી હતી જ્યારે પી.એલ.વી. ટાંક કવિતાબેન અને પૂજન લાલુકિયાએ વિશેષ મહેનત કરી હતી, જેના પરિણામે સમગ્ર કાર્યક્રમ સુગમ અને સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આવા કાનૂની જાગૃતિ કાર્યક્રમો યુવતીઓને આત્મવિશ્વાસી અને સશક્ત નાગરિક બનાવવા માટે અત્યંત જરૂરી છે કારણ કે ઘણી વખત અજાણ હોવાના કારણે લોકો પોતાના અધિકારો ગુમાવે છે. પોક્સો કાયદાની જાણકારીથી બાળ સુરક્ષા માટે જાગૃતિ વધે છે અને યુવતીઓ પોતાના હક્ક અંગે વધુ સજાગ બને છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જણાવાયું છે કે આવનારા સમયમાં પણ રાજકોટ જિલ્લામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં આવા કાર્યક્રમો યોજાશે જેથી કાયદો માત્ર દંડ માટે નહીં પરંતુ ન્યાય અને સુરક્ષા માટે છે તેવો સંદેશ સતત ફેલાતો રહે. અંતે આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, શાળા સંચાલન, શિક્ષકગણ, સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓના સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને પી.એલ.વી. ટાંક કવિતાબેન તથા પૂજન લાલુકિયાની સેવાભાવના માટે ખાસ નોંધ લેવામાં આવી હતી.

# ચેક રીર્ટન કેસમાં મહીલા આરોપીને નાની રકમના લેણાપેટે ૩ માસની સજા ફરમાવતી કોર્ટ

### ચેક મુજબની રકમ ૬૦ દિવસમાં ચુકવી ન આપે તો વધુ ૬ માસની સજાનો હુકમઃ એડવોકેટ જયદેવસિંહ ઝાલાની રજુઆત અને દલીલો ગ્રાહ્ય રખાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચેક રીર્ટન કેસમાં કોર્ટે મહિલા આરોપીને ત્રણ માસની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ ફરીયાદીને ૬૦ દિવસમાં ચુકવી ન આપે તો આરોપીને વધુ છ માસની સજાનો હુકમ કરેલ હતો.

આ કેસની વિગત એવી છે કે, ફરીયાદી વચ્છરાજ શરાફી મંડળીએ આરોપી શીતલબેન રવીભાઈ આશરને લોન પેટે રૂા.૨૫૦૦૦/- ની લોન આપેલ હતી. આ લોન પેટે આરોપીએ થોડા હપ્તા ભર્યા બાદ લોન પેટેની લેણી રકમ ચુકવવામાં નિષ્ફળ જતા આરોપીએ કાયદેસરનું દેવું અને જવાબદારી કબુલ રાખી તેઓની ખાતાવાળી બેંકનો રૂા.૨૩,૯૭૭/- ચેક ફરીયાદી મંડળીને આપેલ અને જણાવેલ કે સદરહું ચેક બેંકમાં કલીયર કરાવશો તો તમોને તમારી લેણી રકમ મળી જશે જેથી ફરીયાદી મંડળીએ આરોપીએ આપેલ ચેક પોતાની બેંકમાં જમા કરાવતા સદરહું ચેક અપુરતા ભંડોળને કારણે પરત ફરેલ હતો. જેથી ફરીયાદી મંડળીએ વિગતવાર કાયદા મુજબની નોટીસ મોકલેલ હતી જે નોટીસ બજી ગયેલ હોવા છતા સદરહું રકમ આરોપી શીતલબેન આશરએ પરત ન આપતા ફરીયાદી વચ્છરાજ શરાફી મંડળી વતી મેનેજર રાજેશ કાળુભાઈ સોલંકીએ રાજકોટ કોર્ટમાં નેગો.ઈન્સ્ટ.એકટની કલમ-૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરેલ હતી. જે કેસ ચાલી જતા રાજકોટના મહે.જયુડી.મેજી.સાહેબએ આરોપીને તકસીરવાન ઠરાવી ત્રણ માસની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ ચુકવી આપવાનો હુકમ ફરમાવેલ તેમજ દિન-૬૦ માં ચેક મુજબની રકમ આરોપી ભરપાઈ કરી ન આપે તો વધુ છ માસની કેદની સજાનો આરોપીને હકુમ કરેલ હતો.

આ કામમાં ફરીયાદી વચ્છરાજ શરાફી મંડળી વતી, રાજકોટના યુવા એડવોકેટ જયદેવસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા તથા અજીત પરમાર, હુસૈન હેરંજા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફૈઝાન સમા, દિપકભાઈ ભાટીયા, અંકિત ભટ્ટ, રહીમ હેરંજા રોકાયેલ હતા.

# નાડોદાનગરમાં યુવાને ગળાફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા નાડોદાનગરમાં રહેતા યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ નાડોદાનગર શેરી નં.૭માં રહેતા સંજય ભીખાભાઈ રાઠોડ (ઉ.વ.૨૪) નામના યુવાને આજે સવારે પોતાના ઘરે છતાના હૂકમાં વાયર બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

બનાવની જાણ થતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતક સંજય ત્રણભાઈમાં નાનો અને ડ્રાઈવીંગ કામ કરતો હતો. તેને આ પગલુ શા માટે ભરી લીધુ તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનુ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# બહેનના બેસણામાંથી પરત ફરી રહેલ રાજકોટની મહિલા અને કાર ચાલકનું મોત

### જૂનાગઢના નવા બાયપાસ રોડ વધાવી પાસે બેફિકરાઈથી પાર્ક કરેલા ટ્રકની પાછળ કાર ઘુસી ગઈ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

રાજકોટમાં નાણાવટી ચોક વિસ્તારમાં રહેતી એક મહિલા માળિયા ખાતે બહેનના બેસણામાં હાજરી આપીને પરત ફરી રહી હતી, ત્યારે તેમની કારનો જૂનાગઢ નવા બાયપાસ ઉપર પાર્ક કરેલા એક ટ્રક પાછળ કાર ઘુસી જવાથી અકસ્માત થયો હતો, જેમાં મહિલા અને કાર ચાલકનું મોત થયું છે, જયારે મહિલાના પતિને ઈજા થયેલ છે. રાજકોટમાં નાણાવટી ચોક વિસ્તારમાં રામેશ્વર પાર્કમાં રહેતા અને આરટીઓના રેકર્ડ રૂમમાં પ્રાઈ વેટ નોકરી કરતા રફીકભાઈ શેરમહમદ રહીશ ઉ.૫૫ અને તેમના પત્ની ફરીદાબેન ઉ.૫૪ ગઈકાલે માળિયા મુકામે આવ્યા હતા, ફરીદાબેનના બહેનનું અવસાન થતા તેમના બેસણામાં હાજરી આપવા માટે આવ્યા હતા, તેઓ રાજકોટથી રફીકભાઈના મિત્ર મહેશગીરી ભીખુગીરી ગોસ્વામી ઉ.૩૫ ની ઈનોવા કારમાં આવ્યા હતા, અને સાંજે પરત રાજકોટ આવવા માટે નીકળ્યા હતા, ત્યારે રસ્તામાં જૂનાગઢના નવા બાયપાસ ઉપર વધાવી ગામ પાસે રોડ ઉપર એક ટ્રક નંબર જીજે. ૦૨. એક્સ.એક્સ.૧૦૬૩ ના ચાલકે બેદરકારી પૂર્વક પોતાનો ટ્રક પાર્ક કર્યો હતો. જે ટ્રકમાં ઈનોવા કાર ઘુસી જતા પતિ-પત્ની અને કારના ચાલકને ગંભીર ઈજા થતા ત્રણેયને સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે ફરીદાબેન અને મહેશગીરીનું મોત થયું હોવાનું જાહેર કરતા આ અંગે રફીકભાઈએ ટ્રક ચાલક સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોધાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નાણાવટી ચોક પાસે આવાસ કવાર્ટરમાં માસુમ બાળક ટાંકામાં પડી જતાં મોત

## ટાંકાનું ઢાંકણુ ખુલ્લુ હોવાથી બાળક રમતા-રમતા પડી જતા ઘટી ઘટના; પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાણાવટી ચોક પાસે આવેલા આવાસ કવાર્ટરમાં કરૂણ ઘટના સામે આવી હતી. ઘર પાસે રમતા રમતા ચાર વર્ષનો બાળક ભોંટાંકામા પડી જતા ડૂબી જવાથી તેનુ મોત નીપજ્યુ હતુ આ બનાવથી શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ નાણાવટી ચોક આવાસ યોજના કક્વાર્ટરમાં રહેતા રાહુલભાઈ અધારાનો ૪ વર્ષનો પુત્ર પ્રતિક આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં ઘર પાસે રમતો હતો ત્યારે અકસ્માતે પાણીના ભોટાંકામાં પડી જતા ડૂબી જવાથી તેનુ મોત નીપજ્યુ હતુ. સવારે બાળક ઘર પાસે રમી રહ્યો હતો. બાદમા તે જોવા ન મળતા પરિવારજનો દ્વારા બાળકની શોધખોળ હાથ ધરી હતી.

પરંતુ બાળક કયાય મળી આવ્યો ન હતો અંતે પાણીના ભોટાકાનુ ઢાકણુ ખુલુ હોય જેથી શંકા જતા તપાસ કરતા પાણીમાં ડૂબેલી હાલતમાં બાળક મળી આવ્યો હતો. જેથી તેને બહાર કાઢી તાત્કાલીક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનુ મોત નીપજ્યુ હતુ આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિ. પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પ્રતિક બે ભાઈમાં નાનો અને તેના પિતા મંજૂરી કામ કરતા હોવાનુ જણવા મળ્યુ છે. માસુમ પુત્રના મોતથી પરિવારજનોમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે.

# રેલનગરમાં પત્ની રિસામણે ચાલી જતાં પતિનો આપઘાતનો પ્રયાસ

### અલગ અલગ ત્રણ સ્થળે મહિલા સહિત ત્રણ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લેતા તબિયત લથડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રેલનગર વિસ્તારમાં રહેતાં દંપતિ વચ્ચે ઝઘડો થતાં સાસુ પત્નીને તેડવા આવ્યા હતાં. જેથી પત્ની રિસામણે ચાલી જશે તેવી દહેશતે પતિએ સાસુ સામે ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ,રેલનગરમાં આવેલ ઘનશ્યામ રેસીડન્સીમાં રહેતાં યુવરાજ પ્રકાશભાઈ ગોરસવા (ઉ.૨૨) પોતાના ઘરે હતો ત્યારે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતાં સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં દંપતિ વચ્ચે ઝઘડો થતાં સાસુ પત્નીને તેડવા આવતાં પત્ની સિરામણે ચાલી જશે તેવુ દહેશતે જમાઈએ સાસુ સામે ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બનાવ જુદા જુદા ત્રણ સ્થળે પરિણીતા સહિત ત્રણ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લીધું હતું. જેમાં ત્રંબા ગામે જીતેન્દ્ર હંસરાજભાઈ સુરેલા (ઉ.૩૬)એ ફિનાઈલ, મહિકા ગામે કરમણભાઈ પાંચાભાઈ ચૌહાણ (ઉ.૫૫)એ ઝેરી દવા અને સિવાજીનગરમાં રહેતી પ્રિયાબેન રોહિતભાઈ ગોહિલ નામની ૨૦ વર્ષની પરિણીતાએ ડીડીજી પાઉડર પી લીધો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન ઉપર હુમલો કરી શખ્સે પગ ભાંગી નાખ્યો

### ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામ રંગીલા સોસાયટી ના ઢોરા પાસે રહેતા ગીરીશભાઈ ધીરુભાઈ મકવાણા(ઉ.વ.૩૫) પારકા ઝઘડામાં વચ્ચે પડતા સંજય વાઘજી રોજાસરાએ પાઈપ વડે માર મારી અને પગમાં ફેકચર કરી નાખ્યું હતું. ગિરીશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,તા. ૩૧/૦૮નાં સાંજના હું ઘરેથી ફાકી ખાવા પાનનાં ગલ્લા તરફ જતો હતો ત્યારે ત્યાં રંગીલા વિસ્તારમાં સંજયભાઈ વાઘજીભાઈ રોજાસરા અજાણ્યા માણસો સાથે માથાકુટ કરતો હોય જેથી મે સંજયભાઈને આ અજાણ્યા માણસો સાથે માથાકુટ નહીં કરવા સમજાવ્યો હતો અને બાદમાં હું ફાકી લઈને ઘરે પરત જતો રહ્યો હતો અને હું મારા પાડોશમાં રહેતા સુરેશભાઈ રાઠોડનું સ્કૂટર લઈને મારે હાઈવે રોડ ઉપર ઓડીના શો રૂમ પાસે કામ હોય જેથી સ્કૂટર લઈને ગયો હતો અને ઓડીના શો-રૂમ ની પાસે રોડ ની સાઈડમાં બાઈક ઉભું રાખી હું મારા ફોનમાંથી મારાભાઈ સંજયભાઈ સાથે વાત કરતો હતો. ત્યારે અગાઉ ઝઘડામાં



વચ્ચે પડતા તેનો ખાર રાખી સંજયભાઈ વાઘજીભાઈ રોજાસરા તેનું સ્કૂટર લઈને ત્યાં આવેલ અને એક્સેસમાં રાખેલ પાઈપ લઈને નીચે ઉતરેલ અને મને બંને પગમાં આડેધડ પાઈપ વડે માર મારવા લાગ્યા હતા અને જોર-જોરથી ગાળો બોલવા લાગ્યા હતા અને મને ઈજા થવાથી હું બુમાબુમ કરવા લાગ્યો હતો જેથી નજીકમાંથી માણસો ભેગા થતા આ સંજયભાઈ તેમનું સ્કૂટર લઈને જતો રહેલ ત્યારબાદ મને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા પગમાં ફેકચર થયું હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે કુવાડવા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

# જૂના માર્કેટ યાર્ડમાંથી બે છકડો રીક્ષાની ચોરી કરનાર તસ્કર ઝડપાયો





## રાજકોટ સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઇકની ઉઠાતરી કરનાર તસ્કરને પોલીસે દબોચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા બાયપાસ રોડ પર જૂના માર્કેટ યાર્ડમાંથી બે છકડો રીક્ષાની ચોરી કરનાર તસ્કરને ક્રાઇમ બ્રાન્ચની ટીમે અને રાજકોટ સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઇકની ઉઠાતરી કરનાર શખ્સને પોલીસે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ એમ.કે.મોવલીયા, એએસઆઇ રણજીતસિંહ, વિજયરાજસિંહ અને સંજયભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, છકડો રીક્ષાના સ્પેરપાર્ટ વેચવા એક શખ્સ નિકળ્યો હોવાની હક્કિતના આધારે કપીલા હનુમાન મંદિર પાસે જુની ગુજરીબજારમાં રવિ ઈશ્વર મકવાણા (રહે. શિતળાધાર, કોઠારીયા સોલવંટ)ને દબોચી લઇ છકડાના સ્પેરપાર્ટ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ પુછપરછ કરતા આ શખ્સે અગાઉ બાયપાસ રોડ પર જૂના માર્કેટયાર્ડમાંથી બે છકડો રીક્ષાની ચોરી કરી તેના સ્પેરપાર્ટ જુદા કરી વેચાણ કરતો હોવાની કબુલાત આપી હતી.

જયારે બીજા બનાવમાં પ્ર.નગર પોલીસના કોન્સ. તોફિકભાઇ અને વિરેન્દ્રસિંહ તથા હિરેનભાઇ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલની અંદર જાહેર શૌચાલય પાસેથી બાઇક ચોરી કરનાર રોહિત ધર્મેશ ડંડેયા (રહે. ખોડિયારપરા પારેવડી ચોક, જુનો મોરબી રોડ)ની ધરપકડ કરી રૂ.૬૦ હજારની કિંમતની બાઇક કબ્જે કર્યુ હતું.

# ગૌતમબુદ્ધનગરમાં પ્રેમિકા સાથે રંગે હાથ ઝડપાયેલા પતિએ પત્નીને બેરહેમીથી માર માર્યો

### પતિ, સાસુ, સસરા સહિતનાઓ સામે ફરિયાદ; પોલીસ તપાસ જારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે વાવડીના ગૌતમબુદ્ધનગરમાં રહેતી સગર્ભા અચાનક પોતાના ઘરે પરત ફરી ત્યારે તેનો પતિ અને તેની પ્રેમિકા રૂમમાં સાથે સૂતેલા મળ્યા હતા, પતિ અને તેની પ્રેમિકાએ મારકૂટ કરતાં સગર્ભાને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પતિ સહિતના સાસરિયાંઓ ત્રાસ આપતા હોવાનો પણ સગર્ભાએ આક્ષેપ કર્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, ગૌતમ બુદ્ધનગરમાં રહેતી ચંદ્રિકા રાઠોડે (ઉં.વ.૩૦) તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના પતિ જીતેન્દ્ર ઉર્ફે જીતુ રાઠોડ, સસરા રમેશ, સાસુ



ભાનુ, પતિની પ્રેમિકા જયશ્રી અને હિતેષના નામ આપ્યા હતા.

ચંદ્રિકાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન છ વર્ષ પહેલાં થયા હતા અને તેને સંતાનમાં છ વર્ષની પુત્રી છે. પુત્રીના જન્મ બાદ પતિ સહિતના સાસરિયાંઓ મેણાંટોણાં મારવા લાગ્યા હતા કરિયાવર મુદ્દે ત્રાસ આપવા લાગ્યા હતા. સાસરિયાંના ત્રાસથી કંટાળી પોતે પિયર રિસામણે પણ બેઠી હતી. પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધ બાબતે તેને પૂછ્તી ત્યારે પતિ ફડાકા ઝીંકતો હતો. દોઢ મહિના પહેલાં નણંદ સહિતના લોકો સમજાવીને ચંદ્રિકાને પરત તેડી ગયા હતા. ચંદ્રિકાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે સગર્ભા હોવાથી રાજકોટની ઝનાના હોસ્પિટલમાં સારવાર ચાલુ છે ગત તા.૨૭ના સવારે હોસ્પિટલે જવા પતિને કહ્યું તો પતિએ સાથે જવાની ના કહી દીધી હતી, સવારે સાડા નવેક વાગ્યે ચંદ્રિકા એકલી હોસ્પિટલે જવા નીકળી હતી, તેનું પર્સ અને મોબાઇલ ઘરે ભૂલાઈ ગયાની જાણ થતાં રસ્તેથી તે પરત આવી હતી. રૂમનો દરવાજો ખોલતાં જ શેટી પર પતિ જીતેન્દ્ર અને તેની પ્રેમિકા જયશ્રી સાથે સૂતેલા જોવા મળ્યા હતા, ચંદ્રિકાએ મોબાઈલથી તે તસવીર ખેંચવાનો પ્રયાસ કર્યો તો પતિ અને તેની પ્રેમિકાએ તેના વાળ પકડી મારકૂટ કરી હતી. ચંદ્રિકાએ બાબતે હિતેષને જાણ કરતાં તેણે પણ ઝઘડો કર્યો હતો. પતિ એ ધમકી આપી હતી કે, આ બાબતે કોઇને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ. પોલીસે ચંદ્રિકાની ફરિયાદ પરથી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રીઢો ગુનેગાર શાપરમાંથી દેશી પિસ્તોલ સાથે ઝબ્બેઃ બુધવાર સુધીના રિમાન્ડ મંજૂર

### અગાઉ એનડીપીએસ, મારામારી અને ચોરી સહિતના ૬ ગુનામાં સંડોવાયેલ પોલીસે કારતૂસ સહિતનો મુદ્દામાલ કબજે લઈ વિશેષ પુછતાછ આદરી

**મુખ્ય સમાચાર, કોટડા સંગાણી**

રાજકોટ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શાપર પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે આશ્રય સોસાયટી પાસેથી રીઢા ગુનેગારને દેશી પિસ્તોલ સાથે ઝડપી લઈ વિશેષ તપાસ માટે રીમાન્ડ પર લેવા કોર્ટમાં રજુ કરતા બુધવાર સુધીના રીમાન્ડ મંજુર કરાયા છે. શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે આશ્રય સોસાયટી પાસે રીઢો ગુનેગાર દેશી પિસ્તોલ સાથે ઉભો હોવાની બાતમી આધારે ટીમે દરોડો પાડતા



શખસ પોલીસને જોઈ નાશી છુટતા પોલીસે ભારે જહેમત બાદ શખસને પકડી પોતાનું નામ ઠામ પુછતા વેરાવળ બુધ્ધનગર કાસુમાં ગેઈટ અંદર રહેતો આકાશ ત્રિકમભાઈ સોલંકી ઉ.૨૪ હોવાનું જણાવતા પોલીસે શખસની ઝડતી લેતા તેના નેફામાંથી દેશી બનાવટની પિસ્તોલ મળી આવતા પોલીસે રૂ.૧૦ હજારનો મુદામાલ કબજે લઈ શખસની પુછતાછ કરતા પોતે શોખ માટે રાખી હોવાનું જણાવતા પોલીસે વિશેષ તપાસ માટે રીમાન્ડ પર લેવા કોર્ટમાં રજુ કરાતા કોર્ટે આરોપી આકાશના બુધવાર સુધીના રીમાન્ડ મંજુર કરતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# સુખસાગર હોલ પાસે યુવક ઉપર માસિયાઈ ભાઈ છરી વડે તૂટી પડયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભગવતીપરા વિસ્તારમાં રહેતા યુવાન ઉપર માસીયાઈ ભાઈએ છરી વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરા મેઈન રોડ પર સુખસાગર હોલ પાછળ રહેતો સંજય મીઠાભાઈ પરમાર (ઉ.વ.૩૨) નામનો યુવાન સવારે સુખસાગર હોલ પાસે હતો ત્યારે તેના માસીયાઈ ભાઈ સતીષ ભરતભાઈ સોલંકીએ કોઈ કારણસર ઝઘડો કરી છરી વડે હુમલો કરતા પીઠના ભાગે ગંભીર ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પીટલે દોડી જઈ ઈજાગ્રસ્ત યુવાનનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

# સગીરા પર દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીને ૧૦ વર્ષની કેદ

### પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી શિકાર બનાવી હતીઃ ભોગ બનનારને રૂ.૪ લાખનું વળતર ચુકવવા કોર્ટનો હુકમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પંથકની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને દસ વર્ષની કેદ અને રૂ.૩૦ હજારનો દંડ તેમજ ભોગ બનનારને રૂ.ચાર લાખનું વળતર ચુકવવા સ્પે.પોકસો કોર્ટે હુકમ કર્યો છે. શહેરની ભાગોળે આવેલા ગામમાં રહેતી ૧૬ વર્ષ અને ચાર માસની સગીરાને રવિ જયેશ અબોટી નામના શખસે પ્રેમજાળમાં ફસાવી લગ્નનું વચન આપી અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હોવાની કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી તપાસ પૂર્ણ બાદ જેલ હવાલે કર્યો હતો.જે કેસ પોકસો કોર્ટમાં ચાલવા પર આવતા સરકાર પક્ષે ૧૭ થી વધુ દસ્તાવેજી પુરાવાઓ અને ભોગ બનનાર ફરિયાદી અને તબીબ તેમજ તપાસનીશ અધિકારી સહિત ૯ જેટલા સાહેદોની જુબાનીઓ લેવામાં આવેલી તમામ સાહેદો અને દસ્તાવેજી પુરાવા તેમજ રીપોર્ટ થી આરોપી સામે પુરાવો વધુ મજબૂત થયેલો હતો.અને સરકારી વકીલે કરેલ દલીલોને આધારે સ્પે. પોકસો જજે આરોપીને ૧૦ વર્ષની સજા તેમજ રૂ.૩૦ હજારનો દંડ તથા ભોગ બનનારને રૂ.૪ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો છે.

# રાજકોટ SRP ગ્રુપ-૧૩ના સેનાપતિ પી.જી.જાડેજાને નિવૃત્તિ વિદાયમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એસ.આર.પી. ગ્રુપ ૧૩, ઘંટેશ્વરના સેનાપતિ તરીકે તાજેતરમાં નિમણૂક પામેલા એસપી પ્રદીપસિહ જાડેજા ૩૧ ઓગસ્ટના રોજ વય મર્યાદાના કારણે નિવૃત થતા, એસ.આર.પી. ગ્રુપ ૧૩, ઘંટેશ્વરના જવાનો તથા અધિકારીઓ દ્વારા વિદાય સમારંભ યોજી, માનભેર નિવૃતિ વિદાયમાન આપવામાં આવેલ હતું. આ વિદાય સમારંભમાં રાજકોટ હથિયારી રેન્જના વડા એડિશનલ ડીજીપી પી.કે. રોશન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે અધિકારીઓએ



પી.જી. જાડેજાની કરજનિષ્ઠા અને નિષ્કલંક કારકિર્દી વખાણી હતી સાથોસાથ તેમને વિવિધ કામગીરી બદલ પ્રાપ્ત થયેલા એવોર્ડનો ઉલ્લેખ પણ કર્યો હતો. પી.જી. જાડેજાએ ચાર્જ છોડયો ત્યારે તેમને વિદાય આપતી વેળાએ જવાનોએ તેમના ઉપર ફૂલવર્ષા કરી હતી અને તેમણે ગાડીને દોરડાથી બાંધીને ખેંચી વિદાય આપી હતી.

આ કાર્યક્રમમાં તેઓના બેચમેટ રાજકોટ ટ્રાફિક એસીપી વી.જી. પટેલ, રીટા. ડીવાયએસપી અજપસિંહ જાડેજા, વિષ્ણુદાન ગઢવી, આર.કે.ઝાલા, ઉપરાંત નિવૃત ડીવાયએસપી કે.બી.ઝાલા, જે. બી. જાડેજા, એન.બી. જાડેજા, ડી.ટી. વાઘેલા, ક્ષત્રિય આગેવાનો હરિશ્ચંદ્રસિંહ જાડેજા, પરબતસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ શહેરના પોલીસ અધિકારી શહેરના પોલીસ અધિકારીઓ તથા તેઓના વતનના મિત્રો, કુટુંબીજનો, સ્કૂલ સમયના મિત્રો, જવાનો તથા અધિકારીઓ સિવાય ઉપરાત અનેક રોશન અધિકારીઓ અને છે. સભાના સહિતના બહોળા ચાહક વર્ગના લોકો પણ હાજર રહ્યા હતા.

તાજેતરમાં જ એસપી પ્રદીપસિંહ જાડેજાને સરકાર દ્વારા પ્રમોશન આપી, એસઆરપી ગ્રુપ ૧૩ ઘંટેશ્વર ખાતે સેનાપતિ તરીકે નિમણૂક કરવામાં આવેલ હતી. એસપી પ્રદીપસિંહ જાડેજા, રાજકોટ તાલુકાના સૂકી સાજડિયાળી ગામના વતની છે અને પીએસઆઈ, પીઆઈ, ડીવાયએસપી અને ડીસીપી સુધીની સફર સફળ રીતે પૂરી કરી છે.

# જસદણનાં કાળાસર ગામે ઉઘરાણી બાબતે વાયરથી માર મારી યુવાનની કરાઈ હત્યાઃ ત્રણ ઝડપાયા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણ તાલુકાના કાળસર ગામે રહેતા ધર્મેશ ધીરૂભાઈ મકવાણા (ઉ.વ ૩૨) નામના યુવાને આટકોટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વીરનગરમાં રહેતા આલ્કુ અમરૂભાઈ જેબલિયા, અજય મંગળુભાઈ ભોજક અને જસદણના ગોખલાણા ગામે રહેતા સિધ્ધરાજ અલકુભાઈ ગીડાના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેનો નાનોભાઈ લાલજીભાઈ ધીરૂભાઈ મકવાણા (ઉ.વ ૨૮) ના લગ્ન શિવરાજપુરના ધીરુભાઈ સાપરાની દીકરી કિંજલ સાથે સાત વર્ષ પૂર્વે થયા હતા તેને સંતાનમાં પાંચ વર્ષનો પુત્ર પ્રત્વિક છે ફરિયાદી હાલ ફુલઝર ગામે રહે છે અને તેમના નાનાભાઈ લાલજીભાઈ છેલ્લા એક મહિનાથી જસદણ ચોટીલા રોડ શ્રી હરિ સોસાયટીમાં રહેતા હતા.

ગઈ તા. ૨૯/૮/૨૦૨૫ ના યુવાનને તેના ભાઈ લાલજીનો ફોન આવ્યો હતો અને વાત કરી હતી કે, મારા ખાતામાં ૨૦,૦૦૦ રૂપિયા મોકલ જેથી યુવાને કહ્યું હતું કે મારી પાસે પૈસા નથી તેમજ તેણે કહ્યું હતું કે તું મશીને ક્યારે આવીશ? લાલજીએ કહ્યું હતું કે મારે થોડી વાર લાગશે તેવી વાત કરી હતી. ત્યાર પછી તેનો ફોન બંધ આવતો હતો અને બાદમાં સાંજના નવેક વાગ્યે યુવાન ભાઈના ઘરે જતા તેમના ભાઈની પત્ની કિંજલબેને કહ્યું હતું કે સવારે પતિ ઘરેથી સાતક વાગ્યે ફુલઝર જવાનું કહી નીકળ્યો હતો અને આઠ વાગ્યા પછી તેનો ફોન આવ્યો હતો અને ઉતાવળે તથા ગભરાટ સાથે કહ્યું હતું કે, ઘરે એક વ્યક્તિ આવશે તેને ૨૦,૦૦૦ રૂપિયા આપજે થોડીવાર બાદ એક અજાણ્યો શખસ અહીં બાઈક લઈને આવ્યો હતો અને ઝડપથી પૈસાની માંગણી કરતો હતો તેથી મેં તેને રૂ.૨૦,૦૦૦ આપ્યા હતા ત્યારબાદ યુવાને તેના ભાઈ બાબતે તપાસ કરતા જસદણ વિચાર રોડ પર ચામુંડા માતાજીના મઢની પાછળની શેરીમાં તેનું બાઈક મળી આવ્યું હતું. ત્યારબાદ તેની શોધખોળ કરતા તારીખ ૩૦/૮/૨૦૨૫ ના પોલીસમાં ગુમ નોંધ કરાવી હતી. દરમિયાન ગઈકાલે અગીયાર વાગ્યા આસપાસ યુવાનના નાનાભાઈ લાલજીની લાશ વીરનગર ગામની સીમમાં કનેસરા ગામના જુના રસ્તે આવેલ ડુંગર પાસેથી મળી આવી હતી. બાદમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, વીરનગરના આલ્કુ જેબલીયા, અજય ભોજક બંને લાલજીને બાઈકમાં બેસાડી અપહરણ કરી ત્યાં લઈ ગયા હતા.

લાલજીની પત્ની પાસેથી રૂપિયા ૨૦,૦૦૦ લઈ ગયેલ તે સિધ્ધરાજ ગીડા હતો. જેનો ફોટો લાલજીની પત્ની કિંજલ ને દેખાડતા તેણે ઓળખી બતાવ્યો હતો. આજથી એકાદ અઠવાડિયા પહેલા લાલજીએ તેના મોટાભાઈને વાત કરી હતી કે, વીરનગરના આલ્કુ જેબલિયા, અજય ભોજક પાસે મેં એક વર્ષ પહેલા ઈકો ગાડી ગીરવે મૂકીને રૂ. ૯૦,૦૦૦ લીધા હતા તેની ઉઘરાણી માટે મને અવારનવાર દબાણ કરે છે અને ધાકધમકી આપી કહે છે કે, અમારા રૂપિયા નહીં આપે તો તને તથા તારા પરિવારને મારી નાખીશું. જેથી આરોપીઓએ પૈસાની ઉઘરાણી બાબતે યુવાનનું અપહરણ કરી રૂપિયા કઢાવવા માટે તેને બેફામ મારમારી હત્યા કરી લાશને અવાવરૂ જગ્યાએ ફેંકી દીધી હતી. જે અંગે યુવાનના મોટાભાઈની ફરિયાદ પરથી આટકોટ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તેમને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# નાથદ્વારાથી દર્શન કરી ઘરે પરત ફરેલા પ્રૌઢનું હાર્ટ એટેકથી મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૫૩ વર્ષીય નિવૃત બેંક કેશિયર નાથદ્વારાથી શ્રીનાથજીના દર્શન કરી ઘરે પરત ફર્યા જ હતા કે અચાનક ઉલ્ટી થયા બાદ હૃદય છેનો હુમલો આવ્યો હતો. પરિવાર દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

આ અંગેની મળતી માહિતી મુજબ,નાના મવા રોડ ગાંધી સ્કૂલ નજીક આવેલ અલય પાર્કમાં રહેતા અને રાજકોટ પીપલ્સ બેંકના પૂર્વ કર્મચારી નિતેશભાઈ નાનજીભાઈ ભાલાળા(ઉંમર ૫૩) પરિવાર સાથે નાથદ્વારા શ્રીનાથજીના દર્શન કરી વહેલી સવારે ઘર પરત ફર્યા હતા. ત્યારે અચાનક તેમની તબિયત લથડી અને ઉલટી થયા બાદ તેઓ બેભાન ઢળી પડયા હતા. પરિવાર દ્વારા તુરંત જ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડતા ઈમરજન્સી વિભાગના તબીબે નિતેશભાઈને મૃત જાહેર કર્યા હતા. નિતેશભાઈ ૩ ભાઈ અને ૨ બહેનમાં નાના હતા. તેમને સંતાનમાં ૧ દીકરો અને ૧ દીકરી છે. બનાવથી પરિવારમાં ઘેરો શોક છ્વાઈ ગયો હતો.

# રાજકોટના ટ્રાફિક પોલીસકર્મીનું બાઇક ઢોર સાથે અથડાયું, સારવારમાં મોત

### બોટાદના ગઢડા ગામે વતનમાં બની ઘટના, પોલીસ પરિવારમાં શોકની લાગણી છ્વાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ટ્રાફિક પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં સુનિલભાઈ કલદારીયાનું વતન બોટાદના ગઢડા ગામે બાઈક આડુ ઢોર ઊતરતા સર્જાયેલા અકસ્માતમાં મોત નિપજ્યું હતું. બનાવથી રાજકોટ પોલીસ પરિવારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, મૂળ બોટાદ જિલ્લાના ગઢડા ગામના વતની અને હાલ રાજકોટ રહી ટ્રાફિક પોલીસમાં હેડ કોન્સ્ટેબલ સુનિલભાઈ શામજીભાઈ કલદારિયા શનિવારે સવારે ૧૧ વાગ્યા આસપાસ ગઢડા ગામે બાઈક લઈને જઈ રહ્યા હતા દરમિયાન અચાનક કોઈ ઢોર આડુ ઉતરતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં સુનિલભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રવિવારે વહેલી સવારે તેઓએ દમ તોડી દીધો હતો. બનાવને લઈને પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી.



વધુમાં મૃતક સુનિલભાઈ હાલ સેકટર ૪ ટ્રાફિક વિભાગમાં ફરજ બજાવતા હતા. બનાવને લઈને રાજકોટ પોલીસ પરિવારમાં ઘેરો શોક છ્વાઈ જવા પામ્યો હતો.